॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

નિત્ય પ્રાર્થના

: પ્રકાશક :

શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર
કેરિયારોડ, અમરેલી

: પ્રેરક :

પ.પૂ.સાંખ્યયોગી શ્રી લીલાબા

: પ્રકાશન :

શ્રી ઘનશ્યામ મહારાજની રજત જયંતી નિમિત્તે

: સૌજન્ય :

પ.ભ. કૈલાસબેન મનુભાઈ પટેલ
ગામ - સાલડી હાલ (યુ.એસ.એ.)

પ.ભ. લીનાબેન પટેલ - (ડલાસ)

કિંમત : રૂા. ૩૦/-

પ્રથમ આવૃત્તિ : ૫૦૦૦ વૈશાખ સુદ પૂનમ સં.૨૦૫૫
દ્વિતીય આવૃત્તિ: ૫૦૦૦ જળઝીલણી એકાદશી સં.૨૦૫૬
તૃતીય આવૃત્તિ : ૫૦૦૦ કારતક સુદ પૂનમ સં.૨૦૬૬
ચતુર્થ આવૃત્તિ : ૫૦૦૦ ફાગણ સુદ પૂનમ સં. ૨૦૭૦
પંચમ આવૃત્તિ : ૫૦૦૦ વૈશાખ સુદ પૂનમ સં.૨૦૭૮

પ્રાપ્તિ સ્થાન

શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર
ગંગાપાર્ક સોસાયટી, રોકડવાડી, કેરીયારોડ,
અમરેલી, ફોન. (૦૨૭૯૨) ૨૨૫૧૯૯.
મો. ૯૮૭૯૨ ૦૮૫૨૯, ૮૮૪૯૫ ૬૧૬૦૪

શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર
૯, દાનેવપાર્ક, નિકોલગામ રોડ,બાપુનગર, અમદાવાદ.
મો. ૯૮૭૯૨૦૮૫૨૭, ૯૮૭૯૨ ૦૮૫૨૩

શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર
પ્લોટ નં. ૧૮૨, વિ-૩, સ્વાતિ કો.ઓ. સોસાયટી,
ચોપાટીની સામે, ચીકુવાડી, નાના વરાછા, સુરત-૬.
મો.૯૮૭૯૨૦૮૫૨૮, ૯૮૭૯૨ ૦૮૧૦૭

શ્રી સ્વામિનારાયણ મંદિર (મહિલા સંસ્કાર કેન્દ્ર)
લક્ષ્મીનારાયણ પાર્ક, ગઢડા રોડ, ગુરુકુલ સામે, બોટાદ,
મો. ૯૮૭૯૨ ૦૮૭૦૫, ૯૮૭૯૨ ૦૮૫૨૪

: મુદ્રક :
શ્રીજી આર્ટ, અમદાવાદ
ફોન : ૨૬૫૮૦૯૧૬ (મો) ૯૮૭૯૬૦૬૬૮૬

નિવેદનમ્

ઈષ્ટદેવ પ્રગટ પુરૂષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ આ અવની પર પધારી મુમુક્ષુ જીવોના કલ્યાણ માટે સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી અને સર્વજીવ હિતાવહ મંગલ સિદ્ધાંતોના પ્રવર્તન માટે તેઓશ્રીએ અનેકવિધ કલ્યાણકારી સેવા પ્રવૃત્તિઓ પ્રવર્તાવી તે પ્રવૃત્તિને પોષણ મળે તે માટે નિત્ય પ્રાર્થના અતિ ઉપયોગી છે અને શ્રીજી મહારાજ ગ.પ્ર.૧ વચનામૃતમાં બોલ્યા કે ભગવાનના સ્વરૂપમાં મનની અખંડવૃત્તિ રાખવી તેથી કોઈ સાધન કઠણ નથી ને તેથી કોઈ મોટી પ્રાપ્તિ નથી, ઉપરોકત ઉક્તિઓને સાર્થક કરવા માટે આપણે સવારથી સાંજ સુધીની રોજીંદી ક્રિયાઓમાં શ્રીજી મહારાજનું સ્મરણ સતત રહેવું અત્યંત જરૂરી છે. તેમ કરવામાં આ નિત્ય પ્રાર્થનાનું શ્રવણ મનન અત્યંત ઉપયોગી નીવડે તેવું છે.

શ્રીજી મહારાજના પ્રાતઃકાળના નિત્ય ક્રમથી લઈને રાત્રે શયન સુધીની દરેક ક્રિયા લીલાચરિત્રો તથા તેમના દિવ્ય સ્વરૂપના વર્ણનના સમર્થ નંદસંતોએ રચેલા પદોનું સમય પ્રમાણે રટણ કરવાથી આપણા નિત્યક્રમમાં શ્રીજી મહારાજની સ્મૃતિ તાણાવાણાની



જેમ વણાઈ જાય એવા હેતુથી અને શ્રીહરિ ને મોટા સંતોએ પ્રવર્તાવેલ પ્રણાલિકાને પોષણ મળે અને અમરેલી, અમદાવાદ, સુરત તથા બોટાદ શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્રોમાં દર્શને આવતા ને સત્સંગ સભામાં આવતા મુમુક્ષુ ભાવિક બહેનોને સવાર સાંજ નિત્ય પ્રાર્થનામાં ઉપયોગી થાય એવા શુભ હેતુથી સ્તુતિ, પ્રાર્થના, કિર્તનો, નિત્યનિયમના પદો, પ્રભાતિયા, વચનામૃત, થાળ, ફગવા, સર્વોપરી મહામંત્ર મહિમા વગેરે સંગ્રહરૂપ આ નિત્ય પ્રાર્થનાથી પાંચમી આવૃત્તિ અત્રેના મહિલા મંડળને જેમણે કથાવાર્તા દ્વારા ભજન,સ્મરણ ને સંત સમાગમનું સરસ બળ પ્રેર્યુ છે એવા પ.પૂ.અ.નિ.સાંખ્યયોગીશ્રી રંભાબેનની પુણ્ય સ્મૃતિમાં સાંખ્યયોગી બહેનો સાથે ખૂબ જ આત્મીયતાવાળા એવા યુ.એસ.એ. નિવાસી પ.ભ. કૈલાસબેન મનુભાઈ પટેલ ગામ - સાલડી તથા પ.ભ. લીનાબેન પટેલ - (ડલાસ)ના સાથ સહકારથી પ્રસિધ્ધ કરતા આનંદની લાગણી અનુભવીએ છીએ.

લિ. સાંખ્યયોગી શ્રી લીલાબા-અમરેલી

અનુક્રમણિકા

ક્રમ	કિર્તન	રાગ	પાના નં.
૧.	મંગળાચરણ	-	૧
૨.	જયનાદ	-	૩
૩.	સવારની સ્તુતિ-હે પૂર્ણ પુરુષોત્તમ	હરિગીત છંદ	૩
	ગોડી પદ સંગ્રહ		
૪.	શ્યામની છબી રે સખી	ગરબી	૪
૫.	ફૂલની માળા રે શોભે	ગરબી	૪
૬.	લગની લાગી રે મારે	ગરબી	૫
૭.	ફૂલના પે'રી રે જામા	ગરબી	૫
૮.	મોરલી વાજે રે મીઠી	ગરબી	૬
૯.	સંત સમાગમ કીજે..	પૂરવ	૬
૧૦.	સંત પરમ હિતકારી	પૂરવ	૭
૧૧.	જય સદગુરુ સ્વામી	આરતી	૭
૧૨.	રામકૃષ્ણ ગોવિન્દ..	ધૂન	૮
૧૩.	નવીનજીમૃત સમાનવર્ણ	અષ્ટક	૮
૧૪.	નિર્વિકલ્પ ઉત્તમ અતિ..	પ્રાર્થના	૯
	સ્તુતિ પ્રાર્થના		
૧૫.	સોમવાર-વાસુદેવ દેવ વિશ્વના	સ્તુતિ	૧૦
૧૬.	મંગળવાર-નમન હું કરું વિશ્વપાળને	સ્તુતિ	૧૨

૧૭.	બુધવાર-હે ઈષ્ટદેવ ! પુરુષોત્તમ	સ્તુતિ	૧૨
૧૮.	ગુરુવાર-નમુ પ્રેમવતીના પ્યારા	સ્તુતિ	૧૩
૧૯.	શુક્રવાર-પ્રભુ ઈશના ઈશ સર્વેશ	સ્તુતિ	૧૪
૨૦.	શનિવાર-સ્વામિનારાયણ સર્વોપરી છો	સ્તુતિ	૧૫
૨૧.	રવિવાર-હર હર ગોપીનાથ	અષ્ટક	૧૬
૨૨.	નીતિપ્રવિણ નિગમાગમ	અષ્ટક	૧૬

થાળ સંગ્રહ

૨૩.	જમો થાળ જીવન જાઉં વારી	ગરબી	૧૮
૨૪.	રૂડી રાંધી મેં રસિયાજી	-	૧૮
૨૫.	લાવું પ્રેમે થાળી જમોને	-	૧૯
૨૬.	તમે જમવા પધારો	-	૧૯
૨૭.	વચનામૃત	-	૨૧
૨૮.	પ્રાતઃ થયું મનમોહન પ્યારા..	ભૈરવી	૨૩
૨૯.	અધમ ઉધ્ધારણ અવિનાશી	ભૈરવી	૨૪
૩૦.	દાદાને દરબાર જાશું	પ્રભાતી	૨૪
૩૧.	જાગો નિજ જીવન બોલે..	પ્રભાતી	૨૫

કિર્તન સંગ્રહ

૩૨.	રાજ મારે રે મંદિરિયે તમે રહો	ગરબી	૨૫
૩૩.	મારે આજ પ્રીતમ ઘેર આવિયા	ગરબી	૨૬
૩૪.	મારા છોગાવાળા ઘનશ્યામ રે	ગરબી	૨૬
૩૫.	જનમ સુધાર્યો રે હો મારો	ગરબી	૨૭

૩૬.	મારા કેસરિયા વર કહાન	ગરબી	૨૭
૩૭.	તમારી મૂરતિ વિના નાથ રે	ગરબી	૨૭
૩૮.	અલબેલાજી મારે ઓરડે રે	ગરબી	૨૮
૩૯.	લટકાળા તારા લટકે રે	ગરબી	૨૮
૪૦.	તારી મૂર્તિ લાગે છે મને પ્યારી રે	-	૨૮

એકાદશીના પદો

૪૧.	એકાદશી આજનો દિન સારો રે	ગરબી	૨૯
૪૨.	કોડે કોડે એકાદશી કીજીએ રે	ગરબી	૨૯

સ્વાભાવિક ચેષ્ટાના પદો

૪૩.	હરિજનને ઘેર બેઠાં તીરથ	માલીગડો	૩૦
૪૪.	સૌથી સ્વામિનારાયણ નામ સારૂ	-	૩૦
૪૫.	સદ્‌ગુરુ વિનંતી મોરી	પ્રાર્થના	૩૧
૪૬.	નજર કરોને નાથ	ધોળ	૩૨
૪૭.	મુજરો લેજો રે મહારાજ	-	૩૨
૪૮.	નારાયણ નરદેવ વંદુને	-	૩૩
૪૯.	સાંજ પડે શામળિયો આવે	ગરબી	૩૩
૫૦.	ભલે રડવડતી રાખી મારી વ્હાલે	-	૩૪
૫૧.	લગની લાગી રે (પદ-૪)	ગરબી	૩૪
૫૨.	આજ મારે ઓરડે રે (પદ-૪)	ગરબી	૩૬
૫૩.	વંદુ સહજાનંદ રસરૂપ (પદ-૮)	ગરબી	૩૯
૫૪.	પ્રથમ શ્રીહરિને (પદ-૧૦)	ગરબી	૪૩
૫૫.	આવો રમીએ રે (પદ-૪)	ગરબી	૫૨
૫૬.	વરણવું વહાલા રે (પદ-૪)	ગરબી	૫૪

૫૭.	ઓરા આવો શ્યામ સ્નેહી (પદ-૮)	પદ-૮	૫૬
૫૮.	હરજી મારે હૈડે રહેજો	ગરબી	૬૪
૫૯.	હવે મારા વા'લાને નહિ (પદ-૨)	ધોળ	૬૪
૬૦.	હવે મારા વાલાના દર્શન સારુ	-	૬૫
૬૧.	રે શ્યામ તમે સાચું નાણું	ગરબી	૬૬
૬૨.	માયાને મેલીને મરવુ	ગરબી	૬૬
૬૩.	અક્ષરના વાસી વાલો (પદ-૪)	ધોળ	૬૭
૬૪.	મારા હરજી શું હેત ન દીસે (પદ-૨)	મલાર	૬૯
૬૫.	મારા વહાલાજી શું વાલપ	મલાર	૭૦
૬૬.	મને તમારો નેડો લાગ્યો	-	૭૦
૬૭.	પધારોને સહજાનંદજી		૭૧
૬૮.	પોઢે પ્રભુ સકળ મુનિ કે	બિહાગ	૭૧
૬૯.	પોઢો પોઢો સહજાનંદ સ્વામી	ગરબી	૭૨
૭૦.	અવિનાશી આવો રે	થાળ	૭૨
૭૧.	લીલા ચરિત્રના શ્લોકો		૭૮
૭૨	સહજાનંદ સહજાનંદ ગાય રે	-	૮૦
૭૩.	મહાબળવંત માયા તમારી	ફગવા	૮૩
૭૪.	જે સ્વામિનારાયણ નામ લેશે	મંત્ર મહિમા	૮૪
૭૫.	હરિબળગીતા (કડવું ૩૮ થી ૪૦)		૮૫
૭૬.	અરજીવિનય (દોહા-૧)		૮૮

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

નિત્ય પ્રાર્થના

મંગળાચરણ

વાણી મંગલ રુપિણી ચ હસિતં, યસ્યાસ્તિ વૈ મંગલમ્,
નેત્રે મંગલ દે ચ દોર્વિલસિતં, નૃણાં પરં મંગલમ્;
વક્ત્રં મંગલ કૃચ્ચ પાદચલિતં, યસ્યાઽખિલં મંગલમ્,
સોઽયં મંગલ મૂર્તિરાશુ જગતો, નિત્યં ક્રિયાન્ મંગલમ્.

વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,
દાતા તમે સકલ મંગલ શાંતિદાતા;
માટે તમારૂ કરુણાનિધિ સત્ય નામ,
સાષ્ટાંગ નાથ તમને કરૂં હું પ્રણામ.

અજ્ઞાન પાશ કરુણા કરી કાપી નાખો,
નિત્યે પ્રભુ તવ પદે મમ વૃત્તિ રાખો;
ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વ યામ,
સાષ્ટાંગ નાથ તમને કરૂં હું પ્રણામ.

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ,ત્વમેવ બન્ધુ શ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવ દેવ ॥૧॥

નિજાશ્રિતાનાં સકલાર્તિહન્તા, સધર્મભક્તેરવનં વિધાતા ।
દાતા સુખાનાં મનસેપ્સિતાનાં, તનોતુ કૃષ્ણોઽખિલમઙ્ગલં નઃ ॥૩॥

જે ઉત્પત્તિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,
જેના રોમ સુછિદ્રમાં અણુસમા બ્રહ્માંડ કોટી ફરે;
માયા કાળ રવિ શશી સુરગણો આજ્ઞા ન લોપે ક્ષણ,
એવા અક્ષરધામના અધિપતિ, શ્રી સ્વામિનારાયણ. ૧

આવી અક્ષરધામથી અવનિમાં, જે દેહધારી થયા,
આપ્યાં સુખ અપાર ભક્તજનને, દિલે ધરીને દયા;
કીધાં ચારુ ચરિત્ર ગાન કરવા, જેણે કરૂણા કરી,
વંદુ મંગળ મૂર્તિ ઉર ધરી, સર્વોપરી શ્રીહરિ. ૨

જન્મ્યા કૌશલ દેશ વેશ બટુનો લઈ તીર્થમાંહી ફર્યા,
રામાનંદ મળ્યા સ્વધર્મ ચલવ્યો યજ્ઞાદિ મોટા કર્યા;
મોટાં ધામ રચ્યાં રહ્યા ગઢપુરે બે દેશ ગાદી કરી,
અન્તર્ધ્યાન થયા લીલા હરિતણી સંક્ષેપમાં ઉચ્ચરી. ૩

પ્રભુ તવ મૂરતિ વિનોદકારી,
પળ પણ વિસરે નહિ જો વિસારી.
જુગલ ચરણ સોળ ચિન્હ જેહ,
નજર સમીપે રહો અમારી એહ.

નીજ જન મનને પ્રમોદ દાતા,
સર્વ પ્રકાર સમર્થ સર્વ જ્ઞાતા.
નરતનુ ધરી દાસ શ્રેય સારૂ,
શુભ કરજો પ્રભુ તે અમારૂ.

પ્રાર્થના પછી બોલાતી જય

શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય
શ્રી હરિકૃષ્ણ મહારાજની જય
શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય
શ્રી ઘનશ્યામ મહારાજની જય
શ્રી ગોપીનાથજી મહારાજની જય
શ્રી લક્ષ્મીનારાયણ દેવની જય
શ્રી નરનારાયણદેવની જય
શ્રી રાધારમણ દેવની જય
શ્રી મદનમોહનજી મહારાજની જય
શ્રી વિઘ્નવિનાયક દેવની જય
શ્રી કષ્ટભંજન દેવની જય

સવારની સ્તુતિ

રાગ : હરિગીત છંદ

હે પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ ! પરબ્રહ્મ જય સર્વોપરી;
સુખકંદ સહજાનંદજી કમનીય મૂર્તિ માધુરી;
છો વિમલ અમૃત ધામવાસ,સૌખ્ય રાશિ શ્રીહરિ;
હે ભક્તજન પ્રતિપાળ રાખો શરણમાં કરુણા કરી. ॥૧॥
હે અખિલ વિશ્વાધાર તનુ સાકાર તેજોમય મહા;
અગણિત બ્રહ્માંડો ઉડે તવ ધામ અક્ષરમાં અહા;
છે સકળ વિભૂતિ દિવ્ય શક્તિ આપમાંથી ઉતરી;
હે ભક્તજન પ્રતિપાળ રાખો શરણમાં કરુણા કરી. ॥૨॥

અવતાર લઈ અવનિ વિષે સદ્ધર્મની ગ્લાનિ સમે;
નિજ ભક્ત કારણ રૂપ બહુબહુ ધારીને વિચરો તમે;
ઉત્થાપી મૂળ અધર્મના સદ્ધર્મ સ્થાપો છો ફરી;
હે ભક્તજન પ્રતિપાળ રાખો શરણમાં કરુણા કરી. ॥૩॥
આ સમયમાં સામર્થ્ય રૂપ ગુણ, પ્રગટ પૂર્ણ કર્યા પ્રભુ;
ભવમાં ભટકતા જીવનું અજ્ઞાન ઘન હરવા વિભુ;
સદ્ધર્મ ભક્તિ જ્ઞાનને વૈરાગ્યની વૃષ્ટિ કરી;
હે ભક્તજન પ્રતિપાળ રાખો શરણમાં કરુણા કરી. ॥૪॥

રાગ : ગરબી પદ-૧

શ્યામની છબી રે સખી ! શ્યામની છબી;
જોને ફુલડાંથી છાઈ, સખી ! શ્યામની છબી...ટેક૦
ફુલોના તોરાની ફોરે, ભ્રમર કરે ગુંજાર;
અંગોઅંગ હરિને શોભે, ફુલોના શણગાર...શ્યામની૦ ૧
કાનુમેં ફુલડાનાં કુંડળ, ફુલોના ભુજબંધ;
ફુલતણા ગજરા ફાવે છે, સુંદર માંહી સુગંધ...શ્યામની૦ ૨
ફુલતણો શિર મુગટ જોઈને, મગન ફરે વ્રજનાર;
ફુલતણી શોભા પર જાયે, બ્રહ્માનંદ બલિહાર...શ્યામની૦ ૩

પદ-૨

ફુલની માળા રે શોભે ફુલની માળા;
બે'ની સુંદરવરને શોભે ગળે ફુલની માળા...ટેક૦
નવલ કસુંબી પટકા ઉપર, તોરે હદ વાળી;
ફુલતણી પછેડી ઓઢી, ઉભા વનમાળી...ફુલની૦ ૧

ફુલડાંની વૈજંતી માળા, હરિવરને ફાવે;
એ માળાને જોવા સારું, ઈન્દ્રાદિક આવે...ફુલની૦ ૨
ફુલકલંગી માથે લટકે, છબી નૌતમ સારી;
બ્રહ્માનંદ કહે નટવર મૂરતિ, નેણુમાં ધારી...ફુલની૦ ૩

પદ-૧

લગની લાગી રે મારે લગની લાગી;
સખી ! શામળિયા સંગાથે, (૨) મારે લગની લાગી...ટેક.
મીઠે સ્વરે મોહનજીની મોરલી વાગી;
સાંભળતામાં ચટકી લાગી, (૨) ઝબકી જાગી... લગની. ૧
વૃંદાવનની વાટે ચાલી કુળલજ્જા ત્યાગી;
વાંસળી વગાડતા જોયા, (૨) શ્યામ સોહાગી.... લગની. ૨
રસિયા સંગે રમતાં સર્વે ભ્રમણા ભાંગી,
મેં તો અખંડ સોહાગ લીધો, (૨) મુખડે માગી... લગની. ૩
મુક્તાનંદ કહે પળ એક ન્યારા નહિ મેલું વા'લો,
શિરને સાટે કયાંથી મળે, (૨) નંદનો લાલો.... લગની. ૪

રાગ-ગરબી પદ-૧

ફૂલના પે'રી રે જામા ફૂલના પે'રી,
ફુલ્યો રસિક સુજાણ જામા ફુલના પે'રી .... ટેક૦
ફુલનો મુગટ કુંડળ ફુલના છે કાન,
ઓઢી ઉપરણી ફુલોની શોભે, વા'લો ભીને વાન.... ફુલ-૧
સુગંધી ફુલોના શોભે, હેડે સુંદર હાર,
માથે ફુલના તોરા, અંગે તેજનો અંબાર.... ફુલ-૨
ફુલડાના ગજરા બાજુ,ફુલની છડી,
કરે ઈન્દ્ર ઉપરથી પ્રેમે,ફુલની ઝડી....ફુલ-૩

ફુલડાના ઝાંઝર ચરણે પે'રી સુંદર શ્યામ,
મુકતાનંદને વાલે કીધું,ઘેલું ગોકુળ ગામ....ફુલ-૪

રાગ ગોડી પદ-૧

મોરલી વાજે રે મીઠી મોરલી વાજે;
સખી સાંભળને શ્યામળીયાજીની મોરલી વાજે. મો૦ ટેક૦
મીઠે સ્વરે મોહનજીની મોરલી ગાજે;
સાંભળવાને સૈયર મારું દિલડું દાઝે. મો૦ ૧
આવે રે અલબેલો વિંટયા ગોવાળે ઝાઝે;
ગાતા આવે ગિરિધર સુંદર સમાજે; મો૦ ૨
મોર મુગુટને કાને કુંડળ વનમાળા રાજે;
નંદકુંવરને નિરખી કોટિ કંદર્પ લાજે. મો૦ ૩
પિતાંબરની પલવટ વાળી છત્ર શિર છાજે;
પ્રેમાનંદનો વાલો ચાલો જોવાને કાજે. મો૦ ૪

રાગ : ગોડી પદ-૧

સંત સમાગમ કીજે, હો નિશદિન...સંત૦ ટેક૦
માન તજી સંતનકે મુખસે,
પ્રેમ સુધારસ પીજે હો...નિશ૦૧
અંતર કપટ મેટકે અપના,
લે ઉનકું મન દીજે હો...નિશ૦૨
ભવ દુઃખ ટળે બળે સબ દુષ્કીત,
સબવિધિ કારજ સીજે હો...નિશ૦૩
બ્રહ્માનંદ કહે સંતકી સોબત,
જન્મ સુફલ કરી લીજે હો...નિશ૦૪

પદ-૨

સંત પરમ હિતકારી જગતમાંહિ.... સંત... ટેક૦
પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ,
ભરમ મિટાવત ભારી...જગત૦૧
પરમકૃપાળુ સકળ જીવન પર,
હરિ સમ સબ દુઃખહારી...જગત૦૨
ત્રિગુણાતીત ફિરત તનુ ત્યાગી,
રીત જગતસે ન્યારી...જગત૦૩
બ્રહ્માનંદ કહે સંતકી સોબત,
મિલત હે પ્રગટ મુરારી...જગત૦૪

આરતી

જય સદ્‌ગુરુ સ્વામી, પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી;
સહજાનંદ દયાળુ (૨) બળવંત બહુનામી...જય સદ્‌૦ ૧
ચરણ સરોજ તમારાં, વંદુ કરજોડી (૨)
ચરણે શીશ ધર્યાથી (૨) દુઃખ નાખ્યાં તોડી...જય સદ્‌૦ ૨
નારાયણ નરભ્રાતા, દ્વિજકુળ તનુ ધારી (૨)
પામર પતિત ઉદ્ધાર્યા (૨) અગણિત નરનારી...જય સદ્‌૦ ૩
નિત્ય નિત્ય નૌતમ લીલા, કરતા અવિનાશી (૨)
અડસઠ તીરથ ચરણે (૨) કોટિ ગયા કાશી...જય સદ્‌૦ ૪
પુરુષોત્તમ પ્રગટનું, જે દર્શન કરશે (૨)
કાળ કર્મથી છૂટી (૨) કુટુંબ સહિત તરશે...જય સદ્‌૦ ૫
આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી (૨)
મુક્તાનંદ કહે મુક્તિ (૨) સુગમ કરી સિધ્ધિ...જય સદ્‌૦ ૬

ધુન

રામ કૃષ્ણ ગોવિંદ, જય જય ગોવિંદ !
હરે રામ ગોવિંદ જય જય ગોવિંદ ! ॥૧॥
નારાયણ હરે, ! શ્રીમન્નારાયણ હરે !
શ્રીમન્નારાયણ હરે, ! શ્રીમન્નારાયણ હરે ! ॥૨॥
કૃષ્ણદેવ હરે, ! જય જય કૃષ્ણદેવ હરે !
જય જય કૃષ્ણદેવ હરે, ! જય જય કૃષ્ણદેવ હરે ! ॥૩॥
વાસુદેવ હરે, ! જય જય વાસુદેવ હરે !
જય જય વાસુદેવ હરે, ! જય જય વાસુદેવ હરે ! ॥૪॥
વાસુદેવ ગોવિંદ, જય જય વાસુદેવ ગોવિંદ !
જય જય વાસુદેવ ગોવિંદ જય જય વાસુદેવ ગોવિંદ ! ॥૫॥
રાધે ગોવિંદ, જય રાધે ગોવિંદ !
વૃન્દાવનચંદ જય રાધે ગોવિંદ !
માધવ મુકુંદ જય માધવ મુકુંદ !
આનંદકંદ જય માધવ મુકુંદ !

સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ !
સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ !

શ્રી રાધીકાકૃષ્ણાષ્ટક

નવીનજીમૂર્ત સમાનવર્ણં, રત્નોલ્લસત્કુંડલ શોભિકર્ણમ્;
મહાકિરીટાગ્રમયૂરપર્ણં,શ્રીરાધિકાકૃષ્ણમહં ...નમામિ ..૦૧
નિધાયપાણિદ્વિતયેન વેણુ, નિજાધરે શેખરયાતરેણુમ્;
નિનાદયન્તં ચ ગતૌ કરેણું, શ્રી રાધિકાકૃષ્ણમહં ...નમામિ ..૦૨
વિશુદ્ધહેમોજ્જવલ પીતવસ્ત્રં, હતારિયુથં ચ વિનાપિ શસ્ત્રમ્;
વ્યર્થીકૃતાનેકસુરાદ્વિડસ્ત્રં, શ્રી રાધિકાકૃષ્ણમહં ...નમામિ ..૦૩

અધર્મતિષ્યાર્દિતસાધુપાલં, સદ્ધર્મવૈરાસુરસંઘકાલમ્;
પુષ્પાદિમાલં વ્રજરાજબાલં,શ્રી રાધિકાકૃષ્ણમહં ...નમામિ ..૦૪
ગોપીપ્રિયારંભિતરાસખેલં, રાસેશ્વરીરંજનકૃત્પ્રહેલમ્;
સ્કન્ધોલ્લસત્કુંકુમચિન્હચેલં,શ્રી રાધિકાકૃષ્ણમહં ...નમામિ ..૦૫
વૃંદાવને પ્રીતતયા વસન્તં, નિજાશ્રિતાનાપદઉદ્ધરન્તમ્;
ગોગોપગોપીરભિનન્દયન્તં, શ્રી રાધિકાકૃષ્ણમહં...નમામિ ..૦૬
વિશ્વદ્વિષન્મન્મથદર્પહારં, સંસારિજીવાશ્રયણીયસારમ્;
સદૈવસત્પુરૂષસૌખ્યકારં, શ્રી રાધિકાકૃષ્ણમહં...નમામિ ..૦૭
આનન્દિતાત્મવ્રજવાસિતોકં, નન્દાદિસંદર્શિતદિવ્યલોકમ્;
વિનાશિતસ્વાશ્રિતજીવશોકં, શ્રી રાધિકાકૃષ્ણમહં...નમામિ ..૦૮

પ્રાર્થના

નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ;
માહાત્મ્યજ્ઞાનયુકત ભકિત તવ, એકાંતિક સુખધામ ॥૧॥
મોહિમે તવ ભકતપનો, તામેં કોઈ પ્રકાર;
દોષ ન રહે કોઈ જાત કો, સુનિયે ધર્મકુમાર ॥૨॥
તુમારો તવ હરિભકતકો, દ્રોહ કબુ નહિ હોય;
એકાંતિક તવ દાસકો, દીજે સમાગમ મોય ॥૩॥
નાથ નિરંતર દર્શ તવ, તવ દાસનકો દાસ;
એહિ માગું કરી વિનય હરિ, સદા રાખિયે પાસ ॥૪॥
હે કૃપાલો ! હે ભકતપતે ! ભકતવત્સલ સુનો બાત;
દયાસિન્ધો ! સ્તવન કરી, માગું વસ્તુ સાત ॥૫॥
સહજાનંદ મહારાજકે, સબ સત્સંગી સુજાણ;
તાકુ હોય દ્રઢ વર્તનો, શિક્ષાપત્રી પ્રમાણ ॥૬॥

સો પત્રીમેં અતિ બડે, નિયમ એકાદશ જોય;
તાકી વિકિત કહત હું, સુનીયે સબ ચિત્ત પ્રોય ॥૭॥
હિંસા ન કરની જંતકી, પરત્રિયા સંગકો ત્યાગ;
માંસ ન ખાવત મદ્યકું, પિવત નહિ બડ ભાગ ॥૮॥
વિધવાકુ સ્પર્શત નહિ, કરત ન આત્મઘાત;
ચોરી ન કરની કાહુકી, કલંક ન કોઈકું લગાત ॥૯॥
નિંદત નહિ કોઈ દેવકું, બિન ખપતો નહિ ખાત;
વિમુખ જીવકે વદનસેં, કથા સુની નહિ જાત ॥૧૦॥
એહી ધર્મ કે નિયમમેં, વરતો સબ હરિદાસ;
ભજો શ્રી સહજાનંદપદ, છોડી ઓર સબ આશ ॥૧૧॥
રહી એકાદશ નિયમમેં, કરો શ્રી હરિપદ પ્રિત;
પ્રેમાનંદ કહે ધામમેં, જાઓ નિઃશંક જગજીત ॥૧૨॥

સ્તુતિ - પ્રાર્થના

(સોમવાર)

વાસુદેવ દેવ દેવ વિશ્વના નિવાસ છો,
શંભુ શેષ ઈન્દ્ર ચંદ્ર સર્વને ઉપાસ્ય છો;
જે પરેશ અક્ષરેશ એ જ આપ છો તમે,
આદિ દેવ જાણી વાસુદેવ વંદીએ અમે. ૧
જ્ઞાનદાન દિયો દયાનિધાન આણીને દયા,
આશ્રિતો અનન્ય એક આપના અમે થયા;
મૂર્તિ-આપની જ અંતરે ઉતારવી ગમે,
આદિ દેવ જાણી વાસુદેવ વંદીએ અમે. ૨
મુક્તનાથ મુક્તસાથ પૃથ્વીમાં પધારીયા,
ટેક ધારીને અનેક જીવને ઉદ્ધારીયા;

જે ભજે ન આપને અનંત દુઃખ તે ખમે,
આદિ દેવ જાણી વાસુદેવ વંદીએ અમે. ૩
હે કૃપાલ ધર્મપાલ ભક્તિબાલ ભૂધરા,
આપના સુસંગથી કુસંગી કૈક સધર્યા;
જે નમે ન કોઈ ન તમારી પાસ તે નમે,
આદિ દેવ જાણી વાસુદેવ વંદીએ અમે. ૪
આપને પ્રસન્ન કાજ યજ્ઞ યાગ આદરે,
આપને પ્રસન્ન કાજ ધ્યાન ધારણા કરે;
આપને પ્રસન્ન કાજ જોગી દેહને દમે,
આદિ દેવ જાણી વાસુદેવ વંદીએ અમે. ૫
હે પ્રભો ભલે અમારી પાસ આપ આવીયા,
અંગમાં ઉમંગ તો અભંગ ઉપજાવીયા;
ભૃંગ થૈ અમારું ચિત્ત પાદ પદ્મમાં ભમે
આદિ દેવ જાણી વાસુદેવ વંદીએ અમે. ૬
નિત્ય આપની છબી અહો અમે નિહાળીયે,
જેથી પાપને તથા ઉતાપ સર્વે ટાળીએ;
કોણ ભાગ્યશાળી છે અમારી તુલ્ય આ સમે,
આદિ દેવ જાણી વાસુદેવ વંદીએ અમે. ૭
હાથ જોડી નાથ એટલું જ માગીએ અહો,
દુર્ગપતને દયા કરી હરિ સદા રહો;
મૂર્તિ આપની અમારી આંખમાં રહી રમે,
આદિ દેવ જાણી વાસુદેવ વંદીએ અમે. ૮

(મંગળવાર)

નમન હું કહું વિશ્વપાળને, કરગરી કહું ભક્તિબાળને,
અરજ માહરી ઉરમાં ધરો, વિપત્તિ માહરી શ્રીહરિ હરો.
અવર આશરો માહરે નથી, સર્વ જનને શું કહું કથી,
કઠણ કાળમાં આપ છો ધણી, સુખદ શ્યામળા મુક્તના મણિ.
અમરના પતિ આશ તાહરી, રસિક રાખજો લાજ માહરી,
પ્રણત પાળ છો, સર્વના પ્રભુ દિનદયાળ છો વિશ્વના વિભુ.
વિમલ મૂરતિ ઉરમાં વસો, નજરથી પ્રભુ દૂર ના થશો,
અધિક ત્રાસને તોડી નાખજો, બ્રહ્માનંદને પાસ રાખજો.

(બુધવાર)

હે ઈષ્ટદેવ ! પુરુષોત્તમ ! શાંતિધામ !
દેવાધિદેવ ! પરમેશ્વર ! પૂર્ણકામ !
સાકાર નિત્ય સુખસાગર દિવ્ય અંગ,
સત્સંગ રંગ અમ અંગ ભરો અભંગ ...ટેક૦૧

બ્રહ્માંડ કોટિ પર અક્ષરના અધીપ,
વ્યાપ્યા સચેતન અચેતનમાં સમીપ;
જ્યાંથી વળે મન અને થઈ વાણી દંગ... સત્સંગ૦૨

હે ધર્મનંદન ! સ્વયંદ્યુતિ ધારનાર,
હે ભક્તિપુત્ર ! શરણાગત તારનાર,
હે નીલકંઠ ! હરિકૃષ્ણ ! હરો કુસંગ... સત્સંગ૦૩

ધારી ધરા ઉપર માનવરૂપ સ્વામી,
કીધા અનંત જીવ શુદ્ધ સુમાર્ગ ગામી,
લીધી લડાઈ બહુ અંતઃશત્રુ સંગ... સત્સંગ૦૪

સત્શાસ્ત્રનાં સહુ રહસ્ય પ્રકાશ કીધાં,
અજ્ઞાનનાં વમળથી જન ખેંચી લીધાં,
આપી સ્વધામરૂપ અક્ષર મોક્ષ ગંગ... સત્સંગ૦૫
હો સૌ અનન્ય તવ આશ્રયમાં અમારું
હૈયે પ્રભુ ! સ્મરણ નિત્ય રહો તમારું
આપો સદાય તવ ભક્ત તણો પ્રસંગ... સત્સંગ૦૬

(ગુરુવાર)

નમું પ્રેમવતીના પ્યારા જય જીવન જગદાધારા...ટેક૦
અતિ અકળ ગતિ છે તમારી, ત્યાં મતિ નહીં પહોંચે અમારી;
અમે સેવીએ ચરણ તમારાં - જય .....
માયા આદિક શક્તિ તમારી, જે છે જીવને બંધનકારી;
તેના પ્રેરક તે થકી ન્યારા - જય .....
છો કાળના કાળ કૃપાળ, શરણાગત જન પ્રતિપાળ;
કોટી કારજના કરનારા - જય.....
તમે ભૂ પર ધરી અવતાર, કર્યો વેદ ધર્મ વિસ્તાર;
માર્યા અસુર દુઃખ દેનારા - જય.....
આણી અંતર કરૂણા આજ,મળ્યા અમને શ્રીજીમહારાજ;
દીનબંધુ ધર્મ દુલારા - જય.....
જય જય જય વિશ્વવિહારી, અવતાર તણા અવતારી;
છો ઈષ્ટ અભીષ્ટ અમારા - જય.....

(શુક્રવાર)

પ્રભુ ઈશના ઈશ સર્વેશ સ્વામી
નમું દેવના દેવધામી અકામી;
દયાળુ કરો સુખદુઃખો વિદારો,
મને શ્રી હરિ આશરો છે તમારો૦ ૧

વિભુ આપજો શક્તિ કલ્યાણકારી;
વળી ટાળજો નાથ બુધ્ધિનઠારી;
ન લાગે કદી સંગ ચિત્તે નઠારો;
મને શ્રી હરિ આશરો છે તમારો૦ ૨

પ્રભુ પ્રિત જામે સદા ભક્તિમાંયે,
તમારો કદી આશરો ના તજાયે;
મળે સંત ને ભકતનો સંગ સારો,
મને શ્રીહરિ આશરો છે તમારો૦ ૩

ટળે કામ ને ક્રોધ જે લોભ આદિ,
મટે ગાઢ અજ્ઞાન જે છે અનાદિ;
બળે અંતરેથી બૂરા સૌ વિકારો;
મને શ્રીહરિ આશરો છે તમારો૦ ૪

તુટે પ્રિત સૌ ફેલફિતુરમાંથી,
નીતિ ભક્તિનો થાઉ સ્નેહે હું સાથી;
બનુ ભક્ત સાચો કરી દેહ ન્યારો
મને શ્રીહરિ આશરો છે તમારો૦ ૫

સદા ધર્મના નિમ પાળુ તમારા;
તમોને તજે તેહ જાણું નઠારા,
ભજે જે તમોને મને તેહ પ્યારો;
મને શ્રીહરિ આશરો છે તમારો૦ ૬
તમારૂ હૃદે જ્ઞાન ચોખ્ખું ભરાયે,
મહિમા હંમેશા વધારે જણાયે;
ડગે ના કદી ધર્મના સદ્‌વિચારો;
મને શ્રીહરિ આશરો છે તમારો૦ ૭
છુટે દેહ કે કોઈ સર્વસ્વ લૂંટે,
કદાપિ ખૂટે અન્નના નેહ તૂટે;
દઈ એટલું હાથ ઝાલી ઉગારો,
મને શ્રી હરિ આશરો છે તમારો. ૮

(શનિવાર)

સ્વામિનારાયણ સર્વોપરિ છો, પૂરણબ્રહ્મ પુરષોત્તમ છો;
અનંત ભુવનના સ્વામી તમે, સાકારમૂર્તિ અનુપમ છો.
અનંત શક્તિ કાળમાયાના, ક્ષર અક્ષર આદિના સ્વામી છો,
સમર્થ મૂર્તિ ચિદ્‌ચિદ્‌ સહુના, તમે જ અંતર્યામી છો;
સર્વાધાર સર્વનિયંતા, સદા સ્વતંત્ર અણનમ છો.
અવતાર સર્વે થયા તમોથી, મૂળ તમે અવતારી છો,
સર્વેના કર્તા એક જ તમે, દિવ્ય અખંડ અવતારી છો;
અક્ષરમુકતોએ સેવ્યા છે તમને, બીજા સર્વેના અગમ છો.
નિર્ગુણ સગુણ પ્રતાપ તમારો, તમે જ સર્વેના કારણ છો,
જ્ઞાનજીવન કહે એકજ તમે, અનંત જીવોના તારણ છો.

(રવિવાર)

હર હર ગોપીનાથ ! મમ કષ્ટમ્ હર હર ગોપીનાથ !
સુરનરમુનિવર જલધરસુન્દર । માર મહામદમાર...મમ. ॥૧॥
રાજીવલોચન પાપવિમોચન । દુર્ગપુરીસુવિહાર...મમ. ॥૨॥
હાટકભૂષણ હતજનદુષણ । દિવ્યગુણાલયસાર...મમ. ॥૩॥
વૃષકુલનાયક સુરસુખદાયક । કુન્દકુસુમ શુભહાર...મમ. ॥૪॥
મંગલકારણ ગતિજીતવારણ । પ્રેમવતીસુકુમાર...મમ. ॥૫॥
માનસમોદન દિતિસુતરોદન । ભુમિનિવારિતભાર...મમ ॥૬॥
વિશ્વવિભાવન દુર્મતિપાવન । કાલદવાનલહાર...મમ. ॥૭॥
સુરકુલરંજન નિત્યનિરંજન । ભાનુસુતાવિતનાર...મમ. ॥૮॥
બ્રહ્મપુરાસન જનહિતશાસન । નિષ્કામાનંદનિધાન...મમ. ॥૯॥

અષ્ટક

નીતિપ્રવિણ ! નિગમાગમશાસ્ત્રબુદ્ધે !
રાજાધિરાજરઘુનાયક મન્ત્રીવર્ય !
સિન્દુરચર્ચિતકલેવર નૈષ્ઠિકેન્દ્ર
શ્રીરામદૂત ! હનુમન ! હર સંકટં મે ॥૧॥
સીતાનિમિત્તજરઘૂત્તમભૂરિકષ્ટ
પ્રોત્સારણે કકસહાય હતાસ્ત્રપૌધ !
નિર્દગ્ધયાતુપતિહાટકરાજધાને !
શ્રી રામદૂત ! હનુમન ! હર સંકટં મે ॥૨॥
દુર્વાર્યરાવણ વિસર્જિત શક્તિઘાત
કંઠાસુલક્ષ્મણસુખાહૃતજીવવલ્લે !

द्रोणाचलानयननन्दितरामपक्ष !
श्रीरामदूत ! हनुमन ! हर संकटं मे ॥૩॥
रामागमोक्तितरितारितबंध्वयोग
दुःखाब्धिमग्नभरतार्पितपारिबर्ह !
रामांघ्रिपद्ममधुपीभवदंतरात्मन् !
श्री रामदूत ! हनुमन ! हर संकटं मे ॥૪॥
वातात्म केसरिमहाकपिराटतदीय
भार्याजंनीपुरुतपःफलपुत्रभाव !
तार्क्ष्योपमोचितवपुर्बलतीव्रवेग !
श्रीरामदूत ! हनुमन ! हर संकटं मे ॥૫॥
नानाभिचारिकविसृष्टसवीर कृत्या
विद्रावणारुणसमीक्षणदुःप्रधर्ष्य !
रोगघ्नसत्सुतदवित्तदमंत्रजाप !
श्रीरामदूत ! हनुमन ! हर संकटं मे ॥६॥
यन्नामधेयपदकश्रुतिमात्रतोऽपि
ये ब्रह्मराक्षसपिशाचगणाश्चभूता !
ते मारिकाश्चसभयं ह्यपयान्ति सत्वं !
श्री रामदूत ! हनुमन ! हर संकटं मे ॥૭॥
त्वं भक्तमानसमीप्सितपूर्तिशक्तौ
दीनस्य दुर्मदसपत्नभयार्तिभाजं !
ईष्टं ममापि परिपूरय पूर्णकाम !
श्रीरामदूत ! हनुमन ! हर संकटं मे ॥૮॥

થાળ

જમો થાળ જીવન જાઉં વારી,
ઘુઓ કર ચરણ કરો ત્યારી...જમો૦
બેસો મેલ્યા બાજોઠીયા ઢાળી, કટોરા કંચનની થાળી;
જળે ભર્યા ચંબુ ચોખાળી...જમો૦ ૧
કરી કાંઠા ઘઉંની પોળી, મેલી ઘૃત સાકરમાં બોળી;
કાઢ્યો રસ કેરીનો ઘોળી...જમો૦ ૨
ગળ્યા સાટા, ઘેબર ફૂલવડી, દૂધપાક માલપુવા કઢી;
પુરી પોચી થઈ છે ઘીમાં ચડી...જમો૦ ૩
અથાણાં, શાક સુંદર ભાજી, લાવી છું તરત કરી તાજી;
દહીં ભાત સાકર છે ઝાઝી...જમો૦ ૪
ચળુ કરો લાવી હું જળઝારી, એલચી લવીંગ સોપારી;
પાનબીડી બનાવી સારી...જમો૦ ૫
મુખવાસ મનગમતા લઈને, પ્રસાદી થાળ તણી દઈને;
બેસો સિંહાસન રાજી થઈને જમો...જમો૦ ૬
કસુંબલ બાંધીને ફેંટો, રાજેશ્વર ઓઢીને રેટો;
ભૂમાનંદના વ્હાલા ભેટો ... જમો૦ ૭

થાળ

રૂડી રાંધી મેં રસિયાજી, ખાંતે ખીચડી રે. રૂડી૦ ટેક૦
ચોખા દાળ જતન કરી જોઈ, નિર્મળ નીરે ધીરે ધોઈ;
મધુરે મધુરે તાપે, માખણ શી ચડી રે. રૂડી૦૧

ઘી ઘણુંય જમો અલબેલા, અથાણાં પાપડ રંગછેલા;
ચોંપે શું ચોળાની કાજુ કરી વડી રે. રૂડી૦૨
દૂધ કઢી ને દહીં જમાવી, લલિત લવીંગે શું છમકાવી;
ભૂધરને જમવાને કાજે, કરી કઢી રે. રૂડી૦૩
દયાનંદ કહે દિલમાં ધારી, પ્રસાદી આપો હિતકારી;
મોહનવરને હાથે મુજને, મોજ મળી રે. રૂડી૦૪

થાળ

લાવું પ્રેમે થાળી જમોને વનમાળી,
વ્હાલા સારું મેલ્યા મેં તો બાજોઠીયા ઢાળી..ટેક.
પૂરી ને પકવાન પીરસ્યા સેવ છે સુંવાળી,
દાળ-શાકને લાડુ લાવી તાંદળીયાની ભાજી..લાવું
ભાત કમોદને ત્રણ પાંખડી, લવીંગે વઘારી,
ગોરસની તો કઢી કરી છે ચટણી છે સારી..લાવું
ચળુ કરોને જીવન મારા, લાવું જળ ઝારી,
મનભાવે તો મુખવાસ લેજો, પાન ને સોપારી..લાવું
જમી ઉઠીને શાંતિ લેવા,સેજ છે સુંવાળી,
ભૂમાનંદ કહે મે'ર કરીને સેવક લેજો તારી..લાવું

થાળ

તમે જમવા પધારો મારા ઠાકોરીયા,
ઠાકોરીયા રે મારા ઠાકોરીયા. તમે. ટેક૦

આસોપાલવના તોરણ બંધાવી દીધા,
મેં તો સોનાના બાજોઠ ઢાળી દીધા,
તમે આવો હરિ બહુ પ્રીત કરી,
હું તો વારી વારી જાઉ મારા વાલમીયા. તમે

મેં તો જળ રે જમુનાજીના લાવી દીધાં,
બહુ ભાવ ભરીને મેં તો ભોજન કીધાં,
ઘર પાવન કરી આજ આવો હરિ,
હું તો વાટ જોઈને ઉભી બારણીયે. તમે

મેં તો લાડુ જલેબીના થાળ ભર્યા,
પૂરણપોળીને પૂડલા મેં પ્રીતે કર્યા,
સાટા મેસૂબ કર્યા ઘણા ઘીએ ભર્યા,
જમો ભાત ભાતના તમે ભોજનીયા. તમે

બરફી પેંડાના થાળ મેં મંગાવી દીધા
કઢી ભાત મેં ધીરે ધીરે કીધાં,
દૂધપાક હલવો તમે ખાતે જમો,
જમો સેવ સુંવાળી બહુ ભાતલીયા. તમે

મુખવાસ જમોને તમે પ્રીત કરી,
ચળુ કરો મેં તો જળઝારી-ભરી,
બહુ ખાંતે જમ્યા અમોને પાવન કર્યા,
આપો આપો પ્રસાદી બહુ ભાવનીયા. તમે

વચનામૃત

(૧)

સ્વામિનારાયણ હરે !

સંવત ૧૮૭૬ના પ્રથમ જયેષ્ઠ સુદિ એકાદશીને દિવસે શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ પોતાના ઉતારાને વિષે વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા ને પોતાના મુખારવિંદની આગળ મોટા મોટા સાધુ કેટલાક બેઠા હતા.

તેમની આગળ શ્રીજી મહારાજે વાર્તા કરી જે, ક્રોધી ઈર્ષ્યાવાળો કપટી અને માની એ ચાર પ્રકારના જે મનુષ્ય તે જો હરિભક્ત હોય તો પણ તે સાથે અમારે બને નહિ અને ક્રોધ ને ઈર્ષ્યા એ બેય માનને આશરે રહે છે અને કામીનો તો અમારે કોઈ કાળે વિશ્વાસ જ નથી જે 'એ સત્સંગી છે' અને કામી તો સત્સંગમાં હોય તોય વિમુખ જેવો છે અને જેને પંચ વર્તમાનમાં કોઈ વાતે ખોટ ન હોય અને ગમે તેવા વચનના ભીડામાં લઈએ અને એનું ગમતું મુકાવીને અમારા ગમતામાં રાખીએ તોપણ કોઈ રીતે દેહ પર્યત મૂંઝાય નહિ એવો હોય તે પાકો સત્સંગી છે અને એવા હરિભક્ત ઉપર અમારે વગર કર્યું સહેજે જ હેત થાય છે ને એવા ગુણ ન હોય તો હેત કરવા જાઈએ તોય પણ હેત થાય નહિ અને અમારી તો એ જ પ્રકૃતિ છે જે જેના હૃદયમાં ભગવાનની એવી પરિપૂર્ણ ભક્તિ હોય તે ઉપર જ હેત થાય છે.

(ઈતિ વચનામૃતમ્ ગ.પ્ર. ૭૬)

(૨)

સ્વામિનારાયણ હરે !

સંવત્ ૧૮૮૨ના પોષ વદિ ૧૩ તેરસને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીવરતાલ મધ્યે શ્રીલક્ષ્મીનારાયણના દરબારમાં લીંબડાના વૃક્ષ હેઠે મંચ ઉપર ગાદીતકિયા બિછવાવીને વિરાજમાન હતા ને શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ સમસ્ત તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સભામાં વડોદરાના શાસ્ત્રી બેઠા હતા. તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! તમે જો કોઈક મોટા માણસને ચમત્કાર જણાવો તો તેમાંથી ઘણો સમાસ થાય." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "મોટા માણસ સાથે અમારે ઝાઝુ બને નહી. શા માટે જે, એને રાજ્યનો ને ધનનો મદ હોય અને અમારે ત્યાગનો ને ભક્તિનો મદ હોય, માટે કોઈ કેને નમી દે એવું કામ નથી. અને કોઈ મોટા માણસને જો સમાધિ કરાવીએ તો કાંઈક ગામ ગરાસ આપે, તેની અમારા હૃદયમાં લાલચ નથી. કેમ જે, ગામ ગરાસ તો સુખને અર્થે ઈચ્છીએ, તે અમારે તો નેત્ર મીંચીને ભગવાનની મૂર્તિનું ચિંતવન કરીએ, તેમાં જેવું સુખ છે તેવું ચૌદ લોકના રાજ્યને વિષે પણ નથી. અને જો ભગવાનના ભજન જેવું રાજ્યને વિષે સુખ હોય તો સ્વાયંભુ મનુ આદિક જે મોટા મોટા રાજા, તે સર્વે રાજ્ય મૂકીને વનમાં તપ કરવા શા સારુ જાય ? અને ભગવાનના ભજન જેવું સ્ત્રીને વિષે સુખ હોય તો ચિત્રકેતુ રાજા કરોડ સ્ત્રીઓને શા સારુ મૂકે ?

અને ભગવાનના ભજનના સુખ આગળ તો ચૌદલોકનું જે સુખ, તે નરક જેવું કહ્યું છે. માટે જે ભગવાનને સુખે સુખિયો થયો હોય તેને તો બ્રહ્માંડને વિષે જે વિષયનું સુખ છે તે નરક તુલ્ય ભાસે છે. અને અમારે પણ ભગવાનના ભજનનું સુખ તે જ સુખ જણાય છે; બીજું સર્વે દુઃખરૂપ જણાય છે. માટે પરમેશ્વરનું ભજન સ્મરણ કરતાં થકાં જેને સહજે સત્સંગ થાય તેને કરાવીએ છીએ, પણ કોઈ વાતનો અંતરમાં આગ્રહ નથી. આગ્રહ તો કેવળ ભગવાનના ભજનનો અને ભગવાનના ભક્તનો સત્સંગ રાખ્યાનો છે. એ અમારા અંતરનો રહસ્ય અભિપ્રાય હતો, તે અમે તમારી આગળ કહ્યો.''

(ઈતિ વચનામૃતમ્ વ.૧૬)

રાગ : ભૈરવ પદ-૧

પ્રાતઃ થયું મનમોહન પ્યારા, પ્રીતમ રહ્યા શું પોઢીને;
વારંવાર કરૂં છું વિનંતિ, જગજીવન કર જોડીને. પ્રાત૦ ૧
ઘર ઘરથી ગોવાળો આવ્યા, દર્શન કારણ દોડીને;
આંગણિયે ઊભી વ્રજ અબળા,મહીં વલોવા છોડીને. પ્રાત૦ ૨
બહુરૂપી દરવાજે બેઠા, શંકર નેજા ખોડીને;
મુખડું જોવા આતુર મનમાં, જોરે રાખ્યા ઓડીને. પ્રાત૦ ૩
ભૈરવ રાગ ગુણીજન ગાવે, તાન મનોહર તોડીને;
બ્રહ્માનંદના નાથ વિહારી, ઉઠ્યા આળસ મોડીને. પ્રાત૦ ૪

રાગ : ભૈરવી પદ-૧

અધમ ઉધ્ધારણ અવિનાશી તારા, બિરુદની બલિહારી રે;
ગ્રહી બાંહ્ય છોડો નહિ ગિરધર, અવિચળ ટેક તમારી રે...અધમ૦
ભરી સભામાં ભૂધરજી તમે, થયા છો માડી મારી રે;
બેટાને હેતે બોલાવો, અવગુણિયા વિસારી રે...અધમ૦
જેવો તેવો તોયે પુત્ર તમારો, અણસમજુ અહંકારી રે;
પેટ પડયો તે અવશ્ય પાળવો, વાલમ જુઓ વિચારી રે...અધમ૦
અનળ અહિ જો ગ્રહે અજાણે, તે છોડાવે રોવારી રે;
બાળકને જનની સમ બીજું, નહિ જગમાં હિતકારી રે...અધમ૦
બ્રહ્માનંદની એ જ વિનંતિ, મન ધારીએ મુરારી રે;
પ્રીત સહિત દર્શન પ્રસાદી, જોયે સાંજ સવારી રે...અધમ૦

રાગ : ધોળ પદ-૧

દાદાને દરબાર જાશું, સવારમાં નિત્ય ઊઠીને,
માવાનું મુખડું જોશું, સવારમાં નિત્ય ઊઠીને...ટેક૦
હરશું ફરશું ને સ્મરણ કરશું, માવાનું મુખડું જોશું; સવારમાં...
સંતો કહે તે સેવા રે કરશું, કહેશે તો સંજવારી લેશુ; સવારમાં...
ગોપીનાથજીના ગુણલા ગાશું, હાથ જોડીને ઊભા રે'શુ; સવારમાં...
હરિકૃષ્ણજીને હેતેથી મળીએ,સંસારમાં શીદને ભળીએ; સવારમાં...
માતાજી પાસે માગીને કહીએ, બાળકોની ખબરું લઈએ; સવારમાં...
વાસુદેવજીને વારણે જઈએ, અમે તમારા એમ કહીએ; સવારમાં...
ધર્મ ભક્તિને ભાળીને કહીએ, હવે જાવા નવ દઈએ; સવારમાં...

રેવતીજીને હૃદયમાં ધરીએ, સૂર્યનારાયણ સમરીએ; સવારમાં...
જદુપતિને જોવાને સારું, પાસે છે બળરામ ભઈએ; સવારમાં...
આ દસ મૂર્તિનું જે દર્શન કરશે, ભવથી પાર ઉતરશે; સવારમાં...
લીંબતરુની લીલા સંભારીએ,શ્રીજીનું ધ્યાન નિત્ય ધરીએ; સવારમાં...
ઘેલા નદીના ઘાટને જોઈને, સ્નાનવિધિ અનુસરીએ; સવારમાં...
આ દસમૂર્તિ રહો મુજ આગે,ધીરૂભા એમ નિત્ય માગે; સવારમાં...

રાગ : પ્રભાતી પદ-૧

જાગો નિજજીવન બોલે, પંખીડા વાણી;
તમારી સય્યામાં, મારી સાડી ચંપાણી. જાગો.૧
લોકડીયાની લાજ મારે, શ્યામળા વાલા;
તમે તો નિઃશંક પોઢ્યા નંદના લાલા. જાગો.૨
સાસુડી ચકોર મારી, નણંદી ધુતારી;
ગાવલડી દોવાને મિષે આવી'તી બહારી. જાગો.૩
થાય છે અસુર મહી, વલોવા જાવું;
મુક્તાનંદના નાથજી, ઘણું શું કહી સમઝાવું. જાગો. ૪

કિર્તન સંગ્રહ

રાગ : ગરબી પદ-૧

રાજ મારે રે મંદિરિયે તમે રહો રહો...ટેક૦
દરસ પરસ કેરે દાને કરીને, દુરમતિ દુબધા દહો દહો. રાજ. ૧
કાનકુંવર અતિ હેતે કરીને, ગુણિયલ બાંયલડી ગ્રહો ગ્રહો. રાજ. ૨
જગના જીવન અમને પોતાના જાણીને, કહેવું હોય તે કહો કહો. રાજ. ૩
બ્રહ્માનંદના નાથ રંગીલા, અવગુણ અમારા સહો સહો. રાજ. ૪

રાગ : ગરબી

મારે આજ પ્રીતમ ઘેર આવિયા;
ભરી થાળ મોતીડે વધાવિયા જી રે...મારે આજ૦ ૧
પહેલાં નીર ઉને તે નવરાવિયા;
પછી પ્રીતમ માહીં પધરાવિયા જી રે...મારે આજ૦ ૨
મેં તો ભોજન જમાડ્યાં ભાતભાતનાં;
વહાલે આપ્યાં તે સુખ એકાંતના જી રે...મારે આજ૦ ૩
પહેલું પરઠ્યું હતું તે વેણે પળ્યા;
વહાલો હેતે કરીને મુજને મળ્યા જી રે...મારે આજ૦ ૪
બ્રહ્માનંદ કહે આજની ધન્ય ઘડી;
મારો વહાલો પધાર્યા સેજલડી જી રે...મારે આજ૦ ૫

રાગ : ગરબી

મારા છોગાવાળા ઘનશ્યામ રે,
કરુણાના સાગર કાનજી રે. ટેક.
હારે વહાલા છોગુ તમારું ચિત્તડે વસ્યું રે,
મારે રટના લાગી છે આઠો જામ રે. કરુણા. ૧
હારે વહાલા તમથી લાગી છે મારે પ્રીતડી રે,
કાંઈ નથી બીજા કેરું કામ રે. કરુણા. ૨
હારે વહાલા લટકા કરોને રળીયામણા રે,
તે જોઈને થાય છે આરામ રે. કરુણા. ૩
હારે વહાલા બ્રહ્માનંદના રંગ છેલડા રે,
તમે દોહ્યલી વેળાનું મારું દામ રે. કરુણા. ૪

રાગ : ગરબી પદ-૧

જનમ સુધાર્યો રે હો મારો, મળિયા નટવર નંદ દુલારો;
કરુણા અતિશે રે હો કીધી, ભવજળ બૂડતાં બાંય ગ્રહી લીધી...૧
મુજ પર અઢળક રે હો ઢળિયા, કરુણા કરી ઘેર બેઠા મળિયા...૨
મન દૃઢ કરિયું રે હો મુરારી, હવે હું થઈ રહી જગથી ન્યારી...૩
આનંદ ઉરમાં રે હો ભારી, શિર પર ગાજે ગિરિવરધારી...૪
નિરભે નોબત રે હો વાગી, કહે મુક્તાનંદ ભ્રમણા ભાંગી...૫

રાગ : ધનાશ્રી પદ-૧

મારા કેસરિયા વર કહાન, જાઉં તારે વારણિયે;
મોહી છું મોરલડીને તાન, આવી ઊભી બારણિયે...ટેક૦
આવી વસ્યું છે મારે અંતરે રે, વાલા રૂપ અલૌકિક તારું;
છેલ છબીલા તારું છોગલું રે, મુને પ્રીતમ લાગે પ્યારું...જાઉં૦ ૧
સુભગ સોના કેરાં સાંકળાં રે, માંહે ચૂની રતન જડાઉં;
નવલ રંગીલા મારા નાથજી રે, હું તો પ્રેમે કરીને પે'રાવું...જાઉં૦ ૨
ફૂલતણી રે માળા ફુટડી રે, વારી પ્રાણજીવન તમે પે'રી;
બ્રહ્માનંદના વાલમા રે, મારા લાડકડા રંગ લે'રી...જાઉં૦ ૩

રાગ : ગરબી

તમારી મૂરતિ વિના મારા નાથ રે, બીજું મને આપશો મા;
હું તો એ જ માગું છું જોડી હાથ રે, બીજું મને આપશો મા. ટેક૦
આપો તમારા ભક્તજનોનો સંગ રે, મારા જીવમાં એ જ ઉમંગ રે. તમારી. ૧
મારા ઉરમાં કરો નિવાસ રે, મને રાખો રસિયા તમ પાસ રે. તમારી. ૨
એ જ અરજી દયાનિધિ દેવ રે, આપો ચરણકમળની સેવ રે. તમારી. ૩
કરો ઈતર વાસના દૂર રે, રાખો પ્રેમાનંદને હજૂર રે. તમારી. ૪

રાગ : ગરબી

અલબેલાજી મારે ઓરડે રે, આવોને અલબેલા;
હું તો મોહી છું બાજુ કેરે બોરડે રે, આવોને અલબેલા. ટેક.
વ્હાલા ભાવે કરીને સામું ભાળતા રે, આવોને અલબેલા;
હાથે ફૂલ દડાને ઉછાળતા રે, આવોને અલબેલા. અલ. ૧
માથે સુંદર છોગા મેલતાં રે, આવોને અલબેલા;
રંગભીનાજી રંગડો રેલતા રે, આવોને અલબેલા. અલ. ૨
મારા તનડાના તાપ નિવારવા રે, આવોને અલબેલા;
બ્રહ્માનંદનો જનમ સુધારવા રે, આવોને અલબેલા. અલ. ૩

રાગ : ગરબી પદ-૧

લટકાળા તારે લટકે રે, લેરખડા હું લોભાણી;
વાંસલડી કેરે કટકે રે, ચિત્તડાંને લીધું તાણી. ૧
છોગલિયું તારું છેલા રે, આવી અટક્યું અંતરમાં;
વણ દીઠે રંગના રેલા રે, બેઠી અકળાઉં ઘરમાં. ૨
રાતી આંખલડીની રેખું રે, મનડામાં ખૂંતી મારે;
ડોલરિયા હું નવ દેખું રે, જંપ નથી થાતો ત્યારે. ૩
મરમાળી મૂરતિ તારી રે, વાલમ મારે ચિત્ત ચડી;
બ્રહ્માનંદના હાર હજારી રે, કેમ કરી મેલું એક ઘડી. ૪

રાગ : ગરબી પદ-૧

તારી મૂર્તિ લાગે છે મને પ્યારી રે શ્રી ઘનશ્યામ હરિ,
રૂડી ચાલ જગતથી ન્યારી રે...શ્રી૦૧
ઊંડી નાભિ છે ગોળ ગંભીર રે-શ્રી૦
રૂડા લાગો છો શ્યામ શરીરે રે...શ્રી૦૨

તારી છાતી ઉપડતી શ્યામ રે-શ્રી૦
છે જો લક્ષ્મી કેરું ધામ રે...શ્રી૦૩
તારા મુખની શોભા જોઈ રે-શ્રી૦
રાખું અંતરમાં પ્રોઈ રે...શ્રી૦૪
તારાં નેણાં કમલ પર વારી રે-શ્રી૦
મંજુકેશાનંદ બલિહારી રે...શ્રી૦૫

એકાદશીના પદો

રાગ : ગરબી પદ-૧

એકાદશી આજનો દિન સારો રે,ગાઈએ નટવર નંદદુલારો. એકા૦
એના વ્રતનો મહિમા ભારી રે, જાણે બ્રહ્માદિક ત્રિપુરારી રે,
મળે પ્રગટ પ્રમાણ મુરારી. એકાદશી૦ ૧
વ્રત રાખીને હરિવર વરીએ રે, દૃઢ અંતર આંટી ધરીએ રે,
કોડે આનંદ ઉત્સવ કરીએ. એકાદશી૦ ૨
બ્રહ્માનંદ કહે એ વ્રત રહ્યા છે રે,તે તો પાર સંસાર થયા છે રે;
એમ ઉદ્ધવજી કહી ગયા છે. એકાદશી૦ ૩

રાગ : ગરબી પદ - ૧

કોડે કોડે એકાદશી કીજીએ રે,
એવું વ્રત જાવા નવ દીજીએ રે. કોડે૦ ૧
એ વ્રત કરે તે ધન્ય માનવી રે,
તે તો નાહ્યો કોટિક વાર જાહ્નવી રે. કોડે૦ ૨
જેણે વચન પ્રમાણે વ્રત આદર્યું રે,
તેણે કારજ પોતાનું સર્વે કર્યું રે. કોડે૦ ૩

એનો મહિમા મુનિવર ગાય છે રે,
અવિનાશી મળ્યાનો ઉપાય છે રે. કોડે૦ ૪
બ્રહ્માનંદ કહે એમાં હરિ રહ્યા વસી રે,
કીધી ઉદ્ધવ પ્રમાણે એકાદશી રે. કોડે૦ ૫

પદ-૧ રાગ : માલીગડો

હરિજનને ઘેર બેઠાં તીરથ, નિત્ય ગોવિંદ ગુણ ગાવે રે;
અડસઠ તીરથ સંત સભામાં, અણતેડ્યા નિત્ય આવે રે. હરિ. ૧
સંત સભામાં શ્રીપુરુષોત્તમ, અખંડ રહે અવિનાશી રે;
રિધ્ધિ સિધ્ધિ હાજર રહે કરજોડી, મુક્તિ ચાર એની દાસી રે.હરિ.૨
હરિના જન મુક્તિ નવ માગે, પ્રભુ સંગ પ્રિત બંધાણી રે;
મુક્તાનંદના નાથનો મહિમા, લીધો યથારથ જાણી રે. હરિ. ૩

પદ-૨

સૌથી સ્વામિનારાયણ નામ સારૂ,
બીજું બધું મને લાગે છે નકારૂ,
છે જો જગત બધુ દુઃખનું દેનારૂં (૨) ...સૌથી
વૃથા સમજવી પ્રભુ વિનાની વાણી,
બીજું બોલવું તે સર્વ ધૂડ્યધાણી,
જેમ ન પીવાય ઝાંઝવાનું પાણી (૨) ...સૌથી
સ્વાર્થ સુધી સૌ સારુ સારુ કહેશે,
મુખે માંગી વસ્તુ લાવી લાવી દેશે,
અંતકાળે સગું સર્વે છેટું રહેશે (૨) ...સૌથી

ભજો ભાવ ધરીને શ્રીહરિ ભાઈઓ,
કુડો છે આ કળિયુગ કેરો પાયો,
સગો સમજશો નહિ જનનીનો જાયો (૨) ...સૌથી
કહે સંત તે લગાડવું જ સારું,
તેમાં નિપજે નહિ કેદીએ નઠારું,
કહે બ્રહ્માનંદ માન્ય કહ્યું મારું (૨) ...સૌથી

પ્રાર્થના

સદ્‌ગુરુ વિનંતી મોરી,આવ્યો શરણ હું તોરી;
ઉગારો અબકી વેળા,મટાડો ચોર્યાસી ફેરા.
પતિત પાવન બિરુદ સંભાળો, એક પતિતમાં અનેક ઉદ્ધારો;
સર્વ પતીતમાં હું બડપાપી, વિષય વિલુબ્ધને થાપો ઉથાપી.
એવા અવગુણ મુજમાં ભારી, તે તમે જાણો દેવ મોરારી;
અશરણ શરણ બિરુદ સંભારો, આવ્યો શરણે ફેરો ટાળો.
ફરી ફરીને કા'યો સ્વામી, બહુ દુઃખ પામ્યો અંતરજામી;
મત પંથ મેં સર્વે જોયા, સત્સંગ વિના ફરી વગોયા.
હું હું કરતા ન મળ્યા હરિ, જઈ ભોગવી ચોર્યાસી ફરી;
એવા મતતો જગમાં બહુ, સમજણ વિના ભૂલ્યા સહુ.
સમજણ છે સદ્‌ગુરુની પાસ, સંત મળે તો થાય પ્રકાશ;
એવા સંત તો ત્યારે મળે, જ્યારે સદ્‌ગુરુ કૃપા કરે.
મુજ પર વ્હાલે કીધી મહેર, મેલ્યું મહાજન મારે ઘેર;
તેને આવી કહ્યું એમ, આવો અવસર ભૂલ્યો કેમ?
ત્યારે કહ્યું સુણો જગદીશ, મુજને મળિયું માયા વિષ;
ત્યારે કહ્યું જે વચન જ માન,અમે કહીએ તુજને સાન.

સ્વામી પ્રગટા પૂરણબ્રહ્મ, તું જઈ લેને તેનું શરણ;
જન્મ મરણ તો છુટીશ ત્યાંય, બીજે કુશળ નથી કયાંય.
દારૂ માટી ચોરી અવેરી, વટલવું નહિ વટલાવવું નહિ;
પાંચ વર્તમાન તું હૃદયે ધરજે, પછી કહીએ તેવું કરજે.
તો ઈશ્વરની થાશે મેર, જાશે જમડા ટળશે વેર;
ત્યારે થાશે આનંદકારી, બ્રહ્મમહોલની ઉઘડશે બારી.
તેમાં જઈ તું સુખે રહે, મુખે નામ નારાયણનું લહે;
હવે ન જઈએ વહેતા પૂર, સ્વામી મળ્યા પ્રગટ હજુર.
જેરામદાસ કહે મળ્યા રામ, ત્યારે સર્યા સર્વે કામ.

નજર કરોને નાથ (રાગ-ધોળ)

નજર કરોને નાથ, ચરણરજ દાસી તમારી;
તન મન ધન ને પ્રાણ, નાખું તમ પર વારી.
દર્શન વિના દયાળ, જીવ જંપે નહિ મારો;
સાચુ કહું મહારાજ, પ્રભુ મારે સંગ તમારો.
સંગ તમારો શ્યામળીયાજી, ઉલટ ઘણો છે અંગ;
નજર ભરીને નીરખું, મારા સ્વામી સહજાનંદ.

મુજરો લેજો રે મહારાજ

શા માટે વ્રજરાજ, આવડી રીસ ચઢી છે ?
સેવા કરતા રાજ કહો, કંઈ ચૂક પડી છે !
આહિર જાત ઓછી બુદ્ધિ, જાણું નહિ જદુરાય ;
વિસાર્યા ગિરધારી તમને, ન ઘટે મારા નાથ.
મહેર કરીને મોહનજી, મને રાખો ચરણની પાસ;
દયા કરીને દામોદરજી, પ્રેમાનંદના નાથ.
મુજને સદાય રાખજો પાસ, મુજરો લેજો રે મહારાજ;

શ્રી હરિકૃષ્ણાષ્ટક

નારાયણ નરદેવ વંદુને, અક્ષર પર હરિ રાજહી;
પુરુષોતમ પરિબ્રહ્મ કહીએ, શ્રીહરિકૃષ્ણ પ્રગટ સહી.
મચ્છ કચ્છને શૂકર નરહર,વામનજી આ દેહ ધરી;
પરશુરામ અવતાર કહીએ, શ્રીહરિકૃષ્ણ પ્રગટ સહી.
જગન્નાથ જગદીશ સ્વામીને, રામચંદ્ર રઘુનાથ હી;
કૃષ્ણ કમળનેણ કેશવ,શ્રીહરિકૃષ્ણ પ્રગટ સહી.
પૂર્વ દેશ અયોધ્યા નગરી, ગામ છપૈયા નામ હી;
મંગલકારી મુનીશ્વર પ્રગટયા, શ્રીહરિકૃષ્ણ પ્રગટ સહી.
કૌથમી શાખા સરવરિયા દ્વિજ, વિપ્રવર સામવેદ સહી;
માતા ભક્તિ ને પિતા ધર્મ, શ્રીહરિકૃષ્ણ પ્રગટ સહી.
ઉત્તર દક્ષિણ પૂર્વ પશ્ચિમ જગન્નાથ હરિ જાય હી;
ચારે ખંડ ફરી આવ્યા દુર્ગપુર, શ્રીહરિકૃષ્ણ પ્રગટ સહી.
દુર્ગપુરમાં આવ્યા મોહન, મુક્ત સહિત હરિ શોભહી;
અક્ષર સમ કહીએ દુર્ગપુરને, શ્રીહરિકૃષ્ણ પ્રગટ સહી.
બ્રહ્માભવ સનકાદિક ધ્યાવે, ને વેદ નિરંતર ગાવહી;
નિષ્કુળાનંદ કરત સ્તુતિ, શ્રીહરિકૃષ્ણ પ્રગટ સહી.

રાગ-ગરબી (પદ-૧)

સાંજ પડે શામળિયો આવે, ગઢપુરની ગલીઓમાં રે હેલી.
ચઢી અટારી નાર્ય વધાવે, પુષ્પતણી કળીઓમાં રે હેલી.
સફળ સખાની મંડળીમાં, આવે વનમાળી રે હેલી.
જોવા મળ્યું જુવતીનું જોડું, રસિયાવરનું રૂપ હેલી.

છેલછબીલે છોગાળે મને, કામણલું કંઈ કીધું હેલી.
તે દહાડાનું મને ગમતું નથી, ચિત્ત ચોરીને લીધું હેલી.
અવર પુરુષની આશ તજીને, હરિશું હેત કીધું હેલી.
બ્રહ્માનંદના સ્વામી મળતા, સર્વે સુખ લીધું હેલી

પદ-૨

ભલે રડવડતી રાખી મારે વ્હાલે, સદગુરુ દીનદયાળજી.
તમ વિના આવડી કોણ કરે કરુણા, ભક્તવત્સલ પ્રતિપાળજી.
તમને શું ભેટ કરું ત્રિભુવનમાં, વસ્તુ ન દેખું કાંઈજી.
શું આપી ઓશીંગણ થાવું, મારે હોશ રહી મન માંહીજી.
ચિત્તાનું ચંદન મનની માળા, આતમ સેવા અર્પુજી.
દાસ ગોપાળની દુર્બળ દક્ષિણા, માની લેજો સદગુરુ સેવાજી.

રાગ : ગોડી પદ-૧

લગની લાગી રે મારે લગની લાગી;
સખિ ! શામળિયા સંગાથે મારે લગની લાગી. ટેક.
મીઠે સ્વરે મોહનજીની મોરલી વાગી;
સાંભળતામાં ચટકી લાગી ઝબકી જાગી. લગની. ૧
વૃંદાવનની વાટે ચાલી કુળલજ્જા ત્યાગી;
વાંસલડી વગાડતા જોયા શ્યામ સોહાગી. લગની. ૨
રસિયા સંગે રમતાં સર્વે ભ્રમણા ભાંગી;
મેં તો અખંડ સોહાગ લીધો મુખડે માગી. લગની. ૩
મુક્તાનંદ કહે પળ એક ન્યારા નહિ મેલું વા'લો;
શિરને સાટે ક્યાંથી મળે નંદનો લાલો. લગની. ૪

પદ-૨

ગિરધારી રે સખી ! ગિરધારી
મારે નિરભે અખૂટ નાણું ગિરધારી....ટેક.
ખરચ્યું ન ખૂટે એને ચોર ન લૂંટે;
દામની પેઠે રે, ગાંઠે બાંધ્યું નવ છુટે. ગિર. ૧
અનગણ નાણું સંચે અંતે, નિરધનિયા જાયે;
તેની પેઠે નિરભે નાણું દૂર ન થાયે. ગિર. ૨
સંપત્ત વિપત્ત સર્વે સ્વપ્નુ જાણું;
હરિના ચરણની સેવા પૂરણ ભાગ્ય પરમાણુ. ગિર. ૩
મુક્તાનંદ કહે મોહનવરને, ઊરમાં ધારી;
હવે દુઃખને દારિદ્ર થકી થઈ છું ન્યારી. ગિર. ૪

પદ-૩

સુખ પામી રે સખી ! સુખ પામી;
હું તો શામળીયાને શરણે જાતાં સુખ પામી. ટેક.
શરણાગતને પાળે સદા બહુનામી;
મારે હરિનો ઉપર હાથ કશી ન રહી ખામી. સુખ. ૧
તપ ને તીરથ મેં તો કાંઈ ન કીધું;
મારે ઘેર બેઠા શ્યામ થકી કારજ સીધું. સુખ. ૨
સંસારીનું સુખડું જુઠું આવે ને જાયે;
હરિનો અખંડ સોહાગ કેદિ કાળ ન ખાયે. સુખ. ૩
મુક્તાનંદ કહે હરિ હરિજનની ગતિ છે ન્યારી;
એને દેહદર્શી દેખે પોતા જેવા સંસારી. સુખ. ૪

પદ-૪

છેલ છોગાળો રે મીઠી મોરલીવાળો;
મારે મંદિરીએ પધારે નિત્ય છેલ છોગાળો. ટેક.
હસતાં હસતાં મુજને દેખી આનંદ પામે;
એની કરુણાની દૃષ્ટિ સર્વે દુઃખડાં વામે. છેલ. ૧
મોતીડાંની માળા પેરી મલપંતો આવે,
ગાવું ત્યાં સંગાથે મારે પ્રેમ શું ગાવે. છેલ. ૨
મેં વ્હાલો વશ કીધા મુજને વ્હાલે વશ કીધી;
સામાસામી પાનબીડી દીધી ને લીધી. છેલ. ૩
મુક્તાનંદ કહે મોહન સંગે લા'વ ઘણો લીધો;
મુખડેથી તંબોળ મુજને મે'ર કરી દીધો. છેલ. ૪

રાગ : ગરબી પદ-૧

આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ;
બાઈ મેં બોલાવિયા રે, સુંદર છોગાવાળો છેલ....૧
નિરખ્યા નેણાં ભરી રે, નટવર સુંદર શ્રી ઘનશ્યામ;
શોભા શી કહું રે, નિરખી લાજે કોટિક કામ....૨
ગુંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર;
લઈને વારણાં રે, ચરણે લાગી વારમવાર....૩
આપ્યો મેં તો આદરે રે, બેસવા ચાકળીઓ કરી પ્યાર;
પૂછ્યા પ્રીતશું રે, બાઈ મેં સર્વે સમાચાર....૪
કહોને હરિ ક્યાં હતા રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર;
સુંદર શોભતા રે, અંગે સજીયા છે શણગાર....૫

પહેરી પ્રીતશું રે, સુરંગી સુથણલી સુખદેણ;
નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ....૬
ઉપર ઓઢીયો રે, ગુઢો રેટો જોયા લાગ;
સજની તે સમે રે, ધન્ય ધન્ય નીરખ્યા તેના ભાગ્ય....૭
મસ્તક ઉપરે રે, બાંધ્યું મોળીડું અમૂલ્ય;
કોટિક રવિ શશી રે, તે તો નાવે તેને તુલ્ય....૮
રેશમી કોરનો રે, કરમાં સાહ્યો છે રૂમાલ;
પ્રેમાનંદ તો રે, એ છબી નિરખી થયો નિહાલ....૯

પદ-૨

સજની સાંભળો રે, શોભા વર્ણવું તેની તેહ;
મૂર્તિ સંભારતા રે, મુજને ઉપજ્યો અતિ સ્નેહ....૧
પહેર્યા તે સમે રે, હરિએ અંગે અલંકાર;
જેવા મેં નિરખ્યા રે, તેવા વર્ણવું કરીને પ્યાર....૨
બરાસ કપુરના રે, પહેર્યા હૈડે સુંદર હાર;
તોરા પાઘમાં રે, તે પર મધુકર કરે ગુંજાર....૩
બાજુ બેરખા રે, બાંયે કપુરના શોભિત;
કડાં કપુરનાં રે, જોતાં ચોરે સૌનાં ચિત્ત....૪
સર્વે અંગમાં રે, ઉઠે અત્તરની બહુ ફોર;
ચોરે ચિત્તને રે, હસતા કમળ નયનની કોર....૫
હસતા હેતમાં રે, સહુને દેતા સુખ આનંદ;
રસરૂપ મૂર્તિ રે, શ્રીહરિ કેવળ કરુણાકંદ....૬
અદ્‌ભુત ઉપમા રે, કહેતાં શેષ ન પામે પાર;
ધરીને મૂર્તિ રે, જાણે આવ્યો રસ શૃંગાર....૭

વાલપ વેણમાં રે, નેણાં કરૂણામાં ભરપૂર;
અંગોઅંગમાં રે, જાણે ઉગિયા અગણિત સૂર....૮
કરતાં વાતડી રે, બોલી અમૃત સરખાં વેણ;
પ્રેમાનંદના રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ....૯

પદ-૩

બોલ્યા શ્રી હરિ રે, સાંભળો નરનારી હરિજન;
મારે એક વાર્તા રે, સહુને સંભળાવ્યાનું છે મન....૧
મારી મૂર્તિ રે, મારા લોક ભોગને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત....૨
મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
સર્વે સામ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ....૩
અતિ તેજોમય રે, રવિ શશી કોટિક વારણે જાય;
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય....૪
તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;
દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર....૫
જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;
સહુને વશ કરૂં રે, સહુનો પ્રેરક હું ભગવાન....૬
અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય....૭
એમ મને જાણજો રે, મારા આશ્રિત સૌ નરનારી;
મેં તો તમ આગળે રે, વાર્તા સત્ય કહી છે મારી....૮
હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ;
પ્રેમાનંદનો રે, વ્હાલો વરસ્યા અમૃત મેહ....૯

પદ-૪

વળી સૌ સાંભળો રે, મારી વાર્તા પરમ અનુપ;
પરમ સિદ્ધાંત છે રે, સહુને હિતકારી સુખરૂપ....૧
સૌ હરિભક્તને રે, જાવું હોય મારે ધામ;
તો મને સેવજ્યો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ..૨
સહુ હરિભક્તને રે, રહેવું હોય મારે પાસ,
તો તમે મેલજ્યો રે, મિથ્યા પંચવિષયની આશ....૩
મુજ વિના જાણજો રે, બીજા માયિક સૌ આકાર;
પ્રિતી તોડજો રે, જુઠાં જાણી કુટુંબ પરિવાર....૪
સૌ તમે પાળજો રે, સર્વે દૃઢ કરી મારાં નેમ;
તમ પર રીઝશે રે, ધર્મને ભક્તિ કરશે ક્ષેમ....૫
સંત હરિભક્તને રે, દીધો શિક્ષાનો ઉપદેશ;
લટકાં હાથનાં રે, કરતા શોભે નટવર વેશ....૬
નિજ જન ઉપરે રે, અમૃત વરસ્યા આનંદ કંદ;
જેમ સહુ ઔષધિ રે, પ્રીતે પોષે પૂરણચંદ....૭
શોભે સંતમાં રે, જેમ કાંઈ ઉડુગણમાં ઉડુરાજ;
ઈશ્વર ઉદય થયા રે, કળિમાં કરવા જનનાં કાજ....૮
એ પદ શીખશે રે, ગાશે સાંભળશે કરી પ્યાર;
પ્રેમાનંદના રે, સ્વામી લેશે તેની સાર...વળી૦....૯

રાગ-ગરબી પદ-૧

વંદુ સહજાનંદ રસરુપ, અનુપમ સારને રે લોલ;
જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ,

સમરું પ્રગટ રૂપ સુખધામ અનુપમ નામને રે લોલ;
જેને ભવબ્રહ્માદિક દેવ, ભજે તજી કામને રે લોલ,
જે હરિ અક્ષરબ્રહ્મ આધાર, કે પાર કોઈ નવ લહે રે લોલ;
જેને શેષ સહસ્ત્ર મુખ ગાય, નિગમ નેતિ કહે રે લોલ,
વર્ણવુ સુંદર રૂપ અનુપમ, જુગલ ચરણે નમી રે લોલ;
નખશિખ પ્રેમસખીના નાથ રહો ઉરમાં રમી રે લોલ.

પદ-૨

આવો મારા મોહન મીઠડા લાલ, કે જોઉં તારી મૂર્તિ રે લોલ,
જતન કરી રાખું રસિયારાજ, વિસારું નહિ ઉરથી રે લોલ;
મન માર્યું મોહ્યુ મોહનલાલ, પાઘલડીની ભાતમાં રે લોલ,
આવો ઓરા છોગલા ખોસું છેલ,ખાંતીલા જોઉ ખાંતમાં રે લોલ.
વહાલા તારું ઝળકે સુંદર ભાલ, તિલક રૂડાં કર્યા રે લોલ,
વહાલા તારા વામ કરણમાં તિલ,તેણે મનડાં હર્યા રે લોલ.
વહાલા તારી ભ્રકુટિને બાણે શ્યામ,કાળજ મારાં કોરિયાં રે લોલ,
નેણે તારે પ્રેમસખીના નાથ, કે ચિત્ત મારાં ચોરિયાં રે લોલ.

પદ-૩

વહાલા મને વશ કીધી વ્રજરાજ, વાલપ તારા વાલમાં રે લોલ,
મન મારું તલખે જોવા કાજ, ટીબકડી છે ગાલમાં રે લોલ.
વહાલા તારી નાસિકા નમણી નાથ, અધરબિંબ લાલ છે રે લોલ,
છેલા મારા પ્રાણ કરું કુરબાન, જોયા જેવી ચાલ છે રે લોલ.
વહાલા તારા દંત દાડમ ના બીજ, ચતુરાઈ ચાવતાં રે લોલ.
વહાલા મારા પ્રાણ હરો છો નાથ, મીઠું મીઠું ગાવતા રે લોલ,
વહાલા તારે હસવે હરાણું ચિત્ત, બીજું હવે નવ ગમે રે લોલ,
મનમાર્યું પ્રેમસખીના નાથ, કે તમ કેડે ભમે રે લોલ.

પદ-૪

રસિયા જોઈ રૂપાળી કોટ, રૂડી રેખાવળી રે લોલ;
વહાલા મારું મનડું મળવા ચહાય, કે જાય ચિત્તડું ચળી રે લોલ.
વહાલા તારી જમણી ભુજાને પાસ, રુડા તિલ ચાર છે રે લોલ;
વહાલા તારા કંઠ વચ્ચે તિલ એક, અનુપમ સાર છે રે લોલ.
વહાલા તારા ઉરમાં વિનગુણ હાર, જોઈ નેણાં ઠરે રે લોલ;
વહાલા તે તો જાણે પ્રેમીજન, જોઈ નિત્ય ધ્યાન ધરે રે લોલ.
રસિયા જોઈ તમારૂં રૂપ, રસિક જન ઘેલડા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, સુંદરવર છેલડા રે લોલ.

પદ-૫

વહાલા તારી ભુજા જુગલ જગદીશ, જોઈને જાઉં વારણે રે લોલ;
કરનાં લટકાં કરતાં લાલ, આવોને મારે બારણે રે લોલ.
વહાલા તારી આંગળીઓની રેખા, નખમણિ જોઈને રે લોલ;
વહાલા મારા ચિત્તમાં રાખું ચોરી, કહું નહિ કોઈને રે લોલ.
વહાલા તારા ઉરમાં અનુપમ છાપ, જોવાને જીવ આકળો રે લોલ;
વહાલા મારા હેડે હરખ ન માય, જાણું જે હમણાં મળો રે લોલ.
વહાલા તારું ઉદર અતિ રસરૂપ, શીતળ સદા નાથજી રે લોલ;
આવો ઓરા પ્રેમસખીના પ્રાણ, મળુ ભરી બાથજી રે લોલ.

પદ-૬

વહાલા તારી મૂર્તિ અતિ રસરૂપ, રસિક જોઈને જીવે રે લોલ;
વહાલા એ રસના ચાખણહાર, કે છાશ તે નવ પીવે રે લોલ.
વહાલા મારે સુખસંપત તમે શ્યામ,મોહન મનભાવતા રે લોલ;
આવો મારે મંદિર જીવનપ્રાણ, હસીને બોલાવતા રે લોલ.

વહાલા તારૂં રૂપ અનુપમ ગૌર, મૂર્તિ મનમાં ગમે રે લોલ;
વહાલા તારૂં જોબન જોવા કાજ, કે ચિત્ત ચરણે નમે રે લોલ.
આવો મારા રસિયા રાજીવનેણ, મર્મ કરી બોલતા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના સેણ, મંદિર મારે ડોલતા રે લોલ.

પદ-૭

વહાલા તારૂં રૂપ અનુપમ નાથ, ઉદર શોભા ઘણી રે લોલ;
ત્રિવળી જોઉં સુંદર છેલ, આવોને ઓરા અમ ભણી રે લોલ.
વહાલા તારી નાભિ નૌતમરૂપ, ઉંડી અતિ ગોળ છે રે લોલ;
કટિલંક જોઈને જાદવરાય, કે મન રંગચોળ છે રે લોલ,
વહાલા તારી જંઘા જુગલની શોભા, મનમાં જોઈ રહું રે લોલ;
વહાલા નિત્ય નીરખું પીંડીને પાની, કે કોઈને નવ કહું રે લોલ,
વહાલા તારા ચરણકમળનુ ધ્યાન, ધરું અતિ હેતમાં રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, રાખું મારા ચિત્તમાં રે લોલ.

પદ-૮

વહાલા તારા જુગલ ચરણ રસરૂપ, વખાણું વહાલમાં રે લોલ;
વહાલા અતિકોમળ અરુણ રસાળ, ચોરે ચિત્ત ચાલમાં રે લોલ.
વહાલા તારે જમણે અંગુઠે તિલ, કે નખમાં ચિહ્ન છે રે લોલ;
વહાલા છેલી આંગળીએ તિલ એક,જોવાને મન દીન છે રે લોલ,
વહાલા તારા નખની અરુણતા જોઈ,શશીકળા ક્ષીણ છે રે લોલ;
વહાલા રસચોર ચકોર જે ભક્ત, જોવાને પ્રવિણ છે રે લોલ.
વહાલા તારી ઉર્ધ્વરેખામાં ચિત્ત,રહો કરી વાસને રે લોલ;
માગે પ્રેમસખી કર જોડી, દેજો દાન દાસને રે લોલ

પદ-૧

પ્રથમ શ્રી હરિને રે, ચરણે શીશ નમાવું;
નૌતમ લીલા રે નારાયણની ગાઉં.....૧
મોટા મુનિવર રે, એકાગ્ર કરી મનને;
જેને કાજે રે, સેવે જાય વનને.....૨
આસન સાધી રે, ધ્યાન ધરીને ધારે;
જેની ચેષ્ટા રે, સ્નેહ કરી સંભારે.....૩
સહજ સ્વભાવિક રે, પ્રકૃતિ પુરુષોત્તમની;
સૂણતા સજની રે, બીક મટાડે જમની.....૪
ગાઉં હેતે રે, હરિના ચરિત્ર સંભારી;
પાવન કરજો રે, પ્રભુજી બુદ્ધિ મારી.....૫
સહજ સ્વભાવે રે, બેઠા હોય હરિ જ્યારે;
તુલસીની માળા રે, કર લઈ ફેરવે ત્યારે.....૬
રમૂજ કરતાં રે, રાજીવનેણ રૂપાળા;
કોઈ હરિજનની રે, માગી લઈને માળા.....૭
બેવડી રાખી રે, બબે મણિકા જોડે;
ફેરવે તાણી રે, કંઈક માળા તોડે.....૮
વાતો કરે રે, રમુજ કરીને હસતા;
ભેળી કરી રે, માળા કરમાં ઘસતા.....૯
ક્યારેક મીંચી રે, નેત્રકમળને સ્વામી;
પ્રેમાનંદ કહે રે, ધ્યાન ધરે બહુનામી.....૧૦

પદ-૨

સાંભળ સૈયર રે, લીલા નટનાગરની;
સુણતાં સુખડું રે, આપે સુખસાગરની.....૧
નેત્રકમળને રે, રાખી ઉઘાડા ક્યારે;
ધ્યાન ધરીને રે, બેસે જીવન બા'રે.....૨
ક્યારેક ચમકી રે, ધ્યાન કરતાં જાગે;
જોતા જીવન રે, જન્મમરણ દુઃખ ભાગે.....૩
પોતા આગળ રે, સભા ભરાઈ બેસે;
સંત હરિજન રે, સામું જોઈ રહે છે.....૪
ધ્યાન ધરીને રે, બેઠા હોય હરિ પોતે;
સંત હરિજન રે, તૃપ્ત ન થાય જોતે.....૫
સાધુ કીર્તન રે, ગાય વજાડી વાજા;
તેમને જોઈને રે, મગન થાય મહારાજા.....૬
તેમની ભેળા રે, ચપટી વજાડી ગાય;
સંત હરિજન રે, નીરખી રાજી થાય.....૭
ક્યારેક સાધુ રે, ગાય વજાડી તાળી;
ભેળા ગાય રે, તાળી દઈ વનમાળી.....૮
આગળ સાધુ રે, કીર્તન ગાય જ્યારે;
પોતા આગળ રે, કથા વંચાય ત્યારે.....૯
પોતે વાર્તા રે, કરતા હોય બહુનામી;
ખસતા આવે રે પ્રેમાનંદના સ્વામી.....૧૦

પદ-૩

મનુષ્યલીલા રે, કરતા મંગલકારી;
ભક્ત સભામાં રે, બેઠા ભવભયહારી.....૧
જેને જોતા રે, જાયે જગ આસક્તિ;
જ્ઞાન વૈરાગ્ય રે, ધર્મ સહિત જે ભક્તિ.....૨
તે સંબંધી રે, વાર્તા કરતાં ભારી;
હરિ સમજાવે રે, નિજજનને સુખકારી.....૩
યોગ ને સાંખ્ય રે, પંચરાત્ર વેદાંત;
એ શાસ્ત્રનો રે, રહસ્ય કહે કરી ખાંત.....૪
જ્યારે હરિજન રે, દેશદેશના આવે;
ઉત્સવ ઉપર રે, પૂજા બહુવિધ લાવે.....૫
જાણી પોતાના રે, સેવકજન અવિનાશી;
તેમની પૂજા રે, ગ્રહણ કરે સુખરાશી.....૬
ભક્ત પોતાના રે, તેને શ્યામસુજાણ;
ધ્યાન કરાવી રે, ખેંચે નાડી પ્રાણ.....૭
ધ્યાનમાંથી રે, ઉઠાડે નિજજનને;
દેહમાં લાવે રે પ્રાણ ઈન્દ્રિય મનને.....૮
સંત સભામાં રે, બેઠા હોય અવિનાશ;
કોઈ હરિજનને રે, તેડવો હોય પાસ.....૯
પહેલી આંગળી રે, નેત્રતણી કરી સાન;
પ્રેમાનંદ કહે રે, સાદ કરે ભગવાન.....૧૦

પદ-૪

મોહનજીની રે, લીલા અતિ સુખકારી;
આનંદ આપે રે, સુણતાં ન્યારી ન્યારી.....૧
ક્યારેક વાતો રે, કરે મુનિવર સાથે;
ગુચ્છ ગુલાબના રે, ચોળે છે બે હાથે.....૨
શીતળ જાણી રે, લીંબુ હાર ગુલાબી;
તેને રાખે રે, આંખો ઉપર દાબી.....૩
ક્યારેક પોતે રે, રાજીપામાં હોયે;
વાતો કરે રે, કથા વંચાય તોયે.....૪
સાંભળે કીર્તન રે, પોતે કાંઈક વિચારે;
પૂછવા આવે રે, જમવાનું કોઈ ત્યારે.....૫
હાર ચઢાવે રે, પૂજા કરવા આવે;
તેના ઉપર રે, બહુ ખીજી રીસાવે.....૬
કથા સાંભળતાં રે, હરે હરે કહી બોલે;
મર્મ કથાનો રે, સુણી મગન થઈ ડોલે.....૭
ભાન કથામાં રે, બીજી ક્રિયામાંય;
ક્યારેક અચાનક રે, જમતાં હરે બોલાય.....૮
થાય સ્મૃતિ રે, પોતાને જ્યારે તેની;
થોડુંક હસે રે, ભક્ત સામું જોઈ બે'ની.....૯
એમ હરિ નિત્ય નિત્ય રે, આનંદરસ વરસાવે;
એ લીલારસ રે, જોઈ પ્રેમાનંદ ગાવે.....૧૦

પદ-૫

સાંભળ સજની રે, દિવ્ય સ્વરૂપ મોરારી;
કરે ચરિત્ર રે, મનુષ્ય વિગ્રહ ધારી.....૧

થયા મનોહર રે, મોહન મનુષ્ય જેવા;
રૂપ અનુપમ રે, નિજજનને સુખ દેવા.....૨
ક્યારેક ઢોલીયે રે, બેસે શ્રી ઘનશ્યામ;
ક્યારેક બેસે રે, ચાકળે પૂરણકામ.....૩
ક્યારેક ગોદડું રે, ઓછાડે સહિતે;
પાથર્યું હોય રે, તે પર બેસે પ્રીતે.....૪
ક્યારેક ઢોલિયે રે, ઉપર તકિયો ભાળી;
તે પર બેસે રે, શ્યામ પલાંઠી વાળી.....૫
ઘણુંક બેસે રે, તકિયે, ઓઠીંગણ દઈને;
ક્યારેક ગોઠણ રે, બાંધે ખેસ લઈને.....૬
ક્યારેક રાજી રે, થાય અતિશે આલી;
સંત હરિજનને રે, ભેટે બાથમાં ઘાલી.....૭
ક્યારેક માથે રે, લઈ મેલે બે હાથ;
છાતી માંહી રે, ચરણ કમળ દે નાથ.....૮
ક્યારેક આપે રે, હાર તોરા ગિરધારી;
ક્યારેક આપે રે, અંગના વસ્ત્ર ઉતારી.....૯
ક્યારેક આપે રે, પ્રસાદીના થાળ;
પ્રેમાનંદ કહે રે, ભક્તતણા પ્રતિપાળ.....૧૦

પદ-૬

એવા કરે રે, ચરિત્ર પાવનકારી;
શુકજી સરખા રે, ગાવે નિત્ય સંભારી.....૧
ક્યારેક જીભને રે, દાંત તળે દબાવે;
ડાબે જમણે રે, પડખે સહજ સ્વભાવે.....૨

છીંક જ્યારે આવે રે, ત્યારે રૂમાલ લઈને;
છીંક ખાય રે, મુખ પર આડો દઈને.....૩
રમૂજ આણી રે, હસે અતિ ઘનશ્યામ;
મુખ પર આડો રે, રૂમાલ દઈ સુખધામ.....૪
ક્યારેક વાતો રે, કરતા થકા દેવ;
છેડે રૂમાલને રે, વળ દેવાની ટેવ.....૫
અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો;
પરદુઃખહારી રે, વારી બહુનામીનો.....૬
કોઈને દુઃખીયો રે, દેખી ન ખમાય;
દયા આણી રે, અતિ આકળા થાય.....૭
અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે;
કરૂણા દ્રષ્ટિ રે, દેખી વાનજ વાળે.....૮
ડાબે ખંભે રે, ખેસ આડસોડે નાખી;
ચાલે જમણા રે, કરમા રૂમાલ રાખી.....૯
ક્યારેક ડાબો રે, કર કેડ ઉપર મેલી;
ચાલે વહાલો રે, પ્રેમાનંદનો હેલી.....૧૦

પદ-૭

નિત્યનિત્ય નૌતમ રે, લીલા કરે હરિરાય;
ગાતાં સુણતાં રે, હરિજન રાજી થાય.....૧
સહજ સ્વભાવે રે, ઉતાવળા બહુ ચાલે;
હેત કરીને રે, બોલાવે બહુ વહાલે.....૨
ક્યારેક ઘોડે રે, ચડવું હોય ત્યારે;
ક્યારેક સંતને રે, પીરસવા પધારે.....૩

ત્યારે ડાબે રે, ખંભે ખેસને આણી;
ખેસને બાંધે રે, કેડ સંગાથે તાણી.....૪
પીરસે લાડુ રે, જલેબી ઘનશ્યામ;
જણસ જમ્યાની રે, લઈ લઈ તેના નામ.....૫
ફરે પંગતમાં રે, વારંવાર મહારાજ;
સંત હરિજનને રે, પીરસવાને કાજ.....૬
શ્રદ્ધા ભક્તિ રે, અતિ ઘણું પીરસતાં;
કોઈના મુખમાં રે, આપે લાડું હસતાં.....૭
પાછલી રાત્રિ રે, ચાર ઘડિ રહે ત્યારે;
દાતણ કરવા રે, ઉઠે હરિ તે વારે.....૮
ન્હાવા બેસે રે, નાથ પલાંઠી વાળીં;
કર લઈ કળશો રે, જળ ઢોળે વનમાળી.....૯
કોરે વસ્ત્રો રે, કરી શરીરને લુવે;
પ્રેમાનંદ કહે રે, હરિજન સર્વે જુવે.....૧૦

પદ-૮

રૂડા શોભે રે, નાહીને ઉભા હોવે;
વસ્ત્ર પહેરેલું રે, સાથળ વચ્ચે નીચોવે.....૧
પગ સાથળને રે, લુહીને સારંગપાણી;
કોરા ખેસને રે, પહેરે સારી પેઠે તાણી.....૨
ઓઢી ઉપરણી રે, રેશમી કોરની વહાલો;
આવે જમવા રે, ચાંખડીએ ચડી ચાલે.....૩
માથે ઉપરણી રે, ઓઢી બેસે જમવા;
કાન ઉઘાડા રે, રાખે મુજને ગમવા.....૪

જમતા ડાબા રે, પગની પલાંઠી વાળી;
તે પર ડાબો રે, કર મેલે વનમાળી.....૫
જમણા પગને રે, રાખી ઉભો શ્યામ;
તે પર જમણો રે, કર મેલે સુખધામ.....૬
રૂડી રીતે રે, જમે દેવના દેવ;
વારે વારે રે, પાણી પીધાની ટેવ.....૭
જણસ સ્વાદુ રે, જણાય જમતાં જમતાં;
પાસે હરિજન રે, બેઠા હોય મનગમતા.....૮
તેમને આપી રે, પછી પોતે જમે;
જમતા જીવન રે, હરિજનને મન ગમે.....૯
ફેરવે જમતાં રે, પેટ ઉપર હરિ હાથ;
ઓડકાર ખાય રે, પ્રેમાનંદનો નાથ.....૧૦

પદ-૯

ચળુ કરે રે, મોહન તૃપ્ત થઈને;
દાંતને ખોતરે રે, સળી રૂપાની લઈને.....૧
મુખવાસ લઈને રે, ઢોલિયે બિરાજે;
પૂજા કરે રે, હરિજન હેતે ઝાઝે.....૨
પાંપણ ઉપર રે, આંટો લઈ અલબેલો;
ફેંટો બાંધે રે, છોગું મેલી છેલો.....૩
વર્ષાઋતુ રે, શરદઋતુને જાણી;
ઘેલા નદીનાં રે, નિર્મળ નીર વખાણી.....૪
સંત હરિજનને રે, સાથે લઈ ઘનશ્યામ;
ન્હાવા પધારે રે, ઘેલે પૂરણકામ.....૫

બહુ જળકીડા રે, કરતાં જળમાં ન્હાય;
જળમાં તાળી રે, દઈને કીર્તન ગાય.....૬
નાહીને બારા રે, નિસરી વસ્ત્ર પહેરી;
ઘોડે બેસી રે, ઘેર આવે રંગલહેરી.....૭
પાવન યશને રે, હરિજન ગાતા આવે;
જીવન જોઈને રે, આનંદ ઉર ન સમાવે.....૮
ગઢપુરવાસી રે, જોઈને જગઆધાર;
સુફળ કરે છે રે, નેણાં વારંવાર.....૯
આવી બિરાજે રે, ઓસરીયે બહુનામી;
ઢોલિયા ઉપર રે, પ્રેમાનંદના સ્વામી.....૧૦

પદ-૧૦

નિજ સેવકને રે, સુખ દેવાને કાજ;
પોતે પ્રગટ્યા રે, પુરુષોત્તમ મહારાજ.....૧
ફળીયામાંહી રે, સભા કરી બિરાજે;
પૂરણ શશી રે, ઉડુગણમાં જેમ છાજે.....૨
બ્રહ્મરસ વરસી રે, તૃપ્ત કરે હરિજનને;
પોઢે રાત્રે રે, જમી શ્યામ શુદ્ધ અન્નને.....૩
બે આંગળીઓ રે, તિલક કર્યાની પેરે;
ભાલ વચ્ચે રે, ઉભી રાખી ફેરે.....૪
સુતાં સુતાં રે, માળા માગી લઈને;
જમણે હાથે રે, નિત્ય ફેરવે ચિત્ત દઈને.....૫
ભૂલ ન પડે રે, કેદી એવું નિયમ;
ધર્મકુંવરની રે, સહજ પ્રકૃતિ એમ.....૬

ભર નિંદ્રામાં રે, પોઢ્યા હોય મુનિરાય;
કોઈ અજાણે રે, લગાર અડી જાય.....૭
ત્યારે ફડકી રે, જાગે સુંદર શ્યામ;
કોણ છે ? પૂછે રે, સેવકને સુખધામ.....૮
એવી લીલા કરે, હરિની અનંત અપાર;
મેં તો ગાઈ રે, કાંઈક મતિ અનુસાર.....૯
જે કોઈ પ્રીતે રે, શીખે સુણે ગાશે;
પ્રેમાનંદનો રે, સ્વામી રાજી થાશે.....૧૦

રાગ-ગરબી પદ-૧

આવો રમીએ રે, વાસુદેવ વનમાળી;
આજ અનુપમ રે, આવી છે દિવાળી. ૧
દીવા કીધા રે, આંગણીયે બહુ ભાંતે;
તોરણ બાંધ્યા રે, ત્રિકમ રમવા ખાંતે. ૨
જોયા જેવી રે, માંડવીઓ શણગારી;
શોભા આવી રે, દીપમાળાની સારી. ૩
ગાયે ગરબી રે, રમે મુનિવર રાસે;
થઈ થેઈ થાયે રે, નાચે સુર આકાશે. ૪
આનંદ વાધ્યો રે, છબી અલૌકિક જોઈને;
પ્રેમાનંદના રે, નાથ રહ્યું મન મોહીને. ૫

પદ-૨

ગિરિધર આવો રે, ગરબે રમીએ વા'લા;
હેતે લીજીએ રે, તાળી નંદના લાલા. ૧

આજ સપરમો રે, દહાડો રમીએ કોડે;
આવો રસિયા રે, લીજે તાળી જોડે. ૨
હું તો રિઝી રે, રાજ તમારે રંગે;
આનંદ વાધ્યો રે, અલબેલા તમ સંગે. ૩
હળવા હળવા રે, આવો ફરીએ ઓરા;
છેલા જોઉ રે, તારી પાઘલડીના તોરા. ૪
આળસ મેલી રે, બાંધ્યો કમરે પટકો;
પ્રેમાનંદના રે, નાથ જોઉં તારો લટકો. ૫

પદ-૩

શી કહું શોભા રે, શામળિયા તમારી;
રાખું ઉરમાં રે, ગુણવંતા ગિરધારી. ૧
પાઘલડીની રે, ઉપમા શી કહી દાખું;
મોળીડા ઉપર રે, ત્રિભુવન વારી નાંખું. ૨
રૂડા શોભે રે, જરકસના હરિ જામા;
પે'રી આવો રે, આનંદી વર સામા. ૩
કમર કશી છે રે, લાલ અનોખી રીતે;
મનડું મોહ્યું રે, છેલ છબીલા પ્રીતે. ૪
હાર બિરાજે રે, ઉરપર આનંદકારી;
એ છબી ઉપર રે, જાય પ્રેમાનંદ બલિહારી. ૫

પદ-૪

સજની ઉભા રે, આંગણીયે અલબેલો;
ગીત મધુરા રે, ગાયે રસીલો છેલો. ૧

નટવર વેષે રે, શોભે રંગનો ભીનો;
લટકે બાંધ્યો રે, પટકો છેલ નવીનો. ૨
હાર બીરાજે રે, હેડે સુંદર સારા;
જોતાં નેણાં રે, ત્રપત ન થાયે અમારા. ૩
રસિયે બાંધ્યા રે, બાંયે સુંદર બાજુ;
થોડું હસતા રે, હેત જણાવે ઝાઝું. ૪
ઉભા મોડે રે, આળસુડું બહુનામી;
સુંદર શોભે રે, વ્હાલો પ્રેમાનંદનો સ્વામી. ૫

રાગ-ગરબી પદ-૧

વરણવું વહાલા રે, મૂર્તિ મંગલકારી;
નખશિખ શોભા રે, શ્રી ઘનશ્યામ તમારી. ૧
ચરણકમળ ઉર્ધ્વરેખા રે, સોળે ચિહ્ન સંભારૂં;
સ્વસ્તિક જવ જંબુ રે, અંબૂજ ઉરમાં ધારુ. ૨
વજ્ર ને અંકુશ રે, અષ્ટકોણ અતિ શોભે;
વ્યોમ ને ત્રિકોણ રે, મીન જોઈ મનડું લોભે. ૩
ગોપદ કળશ ધનુષ્ય રે, વામ ચરણમાં લળકે;
લાલ ચરણ અંગુઠા રે, આંગળીએ નખ ઝળકે. ૪
ફણાં ઘુટી રે, પાની પાતળી રૂપાળી;
દાસવાસુદેવ રે, નીરખી નિત્ય નિત્ય ભાળી. ૫

પદ-૨

પીંડી નળી રે, ગોઠણ ગોળ બે શોભે;
સાથળ સુંદર રે, ચિહ્ન જોઈ ચિત્તડું લોભે. ૧

શ્યામ કટિ રૂપાળી રે, કુખ જુગલ બે સારી;
સ્નેહ કરી સંભારું રે, રાખું ઉરમાં ધારી. ૨
નાભિ નૌતમ રે, ગોળ રૂપાળી ગોરી;
કમરવર્તી તમારી રે, મારી જીવન દોરી. ૩
પેટ પોયણ કેરૂ પાન રે, ત્રિવળી પડે જોઈ તેમાં;
મનવૃત્તિ લોભાણી રે, રાત દિવસ મારી એમાં. ૪
ઉર ઉછરંગે રે, શ્રી વત્સ ચિહ્ન શોભે;
દાસ વાસુદેવ રે, સ્તન જોઈ મનડું લોભે. ૫

પદ-૩

તેની ઉપર બે છાપું રે, કંઠે કૌસ્તુભમણી ઝળકે;
વામ કરણમાં બિંદુ રે, કાને કુંડળ લળકે. ૧
હસ્ત કમળ આંગળીઓ રે, કોણી શ્યામ સુંવાળી;
નખ ઉપડતા ઝળકે રે, કહું છું નેણે ભાળી. ૨
બે છાપો બહુ રૂડી રે, પોંચા ઉપર કહીએ;
બાજુ ઉપર રે, બે છાપો જોઈ લહીએ. ૩
અધર પરવાળા રે, દંત દાડમ કળી શોભે;
મુખ ચંદ્રને જોઈને રે, મુનિવરના મન લોભે. ૪
ગૌર કપોળ તિલ ત્રાજું રે, ચિબુક અતિ રૂપાળી;
દાસ વાસુદેવ રે, નાસિકા નમણી ભાળી. ૫

પદ-૪

નેત્ર કમળ અણિયાળા રે, રેખા રૂડી રાતી;
તે પર પાંપણ પાતળી રે, ઉપમા નથી દેવાતી. ૧

ભાલ વિશાળ રે, ભ્રકુટિ ભવ ભય હારી;
કેસર તિલક રે, ચાંદલીયો સુખકારી. ૨
ગુચ્છ ગુલાબી રે, શ્રવણ ઉપર શોભે;
વાંસો લીસો રે, જોઈ ચિત્તડું લોભે. ૩
મસ્તક ઉપર રે, તીલ શીખા સંભારૂં;
તેની પાસે રે, ત્રણ તીલ સુંદર ધારૂં. ૪
મોળીડું સોનેરી તોરા રે, ગજરા હાર બિરાજે;
દાસ વાસુદેવ રે, એમ શ્રી હરિને સંભારે. ૫

રાગ : ધોળ પદ-૧

ઓરા આવો શ્યામ સ્નેહી, સુંદરવર જોઉં વહાલા;
જતન કરીને જીવન મારા, જીવમાંહી પ્રોઉ વહાલા. ૧
ચિહ્ન અનુપમ અંગોઅંગનાં, સુરતે સંભારું વહાલા;
નખશિખ નીરખી નૌતમ મારા, ઉરમાં ઉતારું વહાલા. ૨
અરુણ કમળસમ જુગલ ચરણની, શોભા અતિ સારી વહાલા;
ચિંતવન કરવા આતુર અતિ, મનવૃત્તિ મારી વહાલા. ૩
પ્રથમ તે ચિંતવન કરું, સુંદર સોળે ચિહ્ન વહાલા;
ઉર્ધ્વરેખા ઓપી રહી, અતિશે નવીન વહાલા. ૪
અંગૂઠા આંગળી વચ્ચેથી, નીસરીને આવી વહાલા;
પાનીની બે કોરે જોતાં, ભક્તને મન ભાવી વહાલા. ૫
જુગલચરણમાં કહું મનોહર, ચિહ્ન તેનાં નામ વહાલા;
શુદ્ધ મને કરી સંભારતાં, નાશ પામે કામ વહાલા. ૬
અષ્ટકોણને ઉર્ધ્વરેખા, સ્વસ્તિક જાંબુ જવ વહાલા;
વજ્ર અંકુશ કેતુ ને પદ્મ, જમણે પગે નવ વહાલા. ૭

ત્રિકોણ કળશને ગોપદ સુંદર, ધનુષ ને મીન વહાલા;
અર્ધચંદ્ર ને વ્યોમ સાત, છે ડાબે પગે ચિહ્ન વહાલા. ૮
જમણા પગના અંગૂઠાના, નખમાંહી ચિહ્ન વહાલા;
તે તો નીરખે જે કોઈ ભક્ત, પ્રીતિએ પ્રવીણ વહાલા. ૯
એ જ અંગૂઠાની બા'રે, તિલ એક નૌતમ ધારું વહાલા;
પ્રેમાનંદ કહે નીરખું પ્રીતે, પ્રાણ લઈ વારું વહાલા. ૧૦

પદ ૨

ચરણકમળની છબી ચિંતવતાં, અલૌકિક વહાલા;
સરવે ચિહ્ન સંભારી ધારૂં, અંત સમે મુડી વહાલા. ૧
જમણા પગના અંગુઠા, પાસેની આંગળિયે વહાલા;
ડાબે પડખે તિલ એક સુંદર, નિરખી દુઃખડા દળીએ વહાલા. ૨
જમણા પગની નૌતમ છેલી, આંગળીની બા'રે વહાલા;
તિલ એક નખને પાસે જોતાં, વ્હાલપ વધારે વહાલા. ૩
ડાબા પગની ઉર્ધ્વરેખાની, ડાબી તે કોરે વહાલા;
બે ચિહ્ન પાસે પાસે શ્યામ, ચિત્તડાને ચોરે વહાલા. ૪
બે પગની આંગળિયો તળાં, મનોહર રાતાં વહાલા;
અંગુઠા આંગળીના નખ, રાતા છે ચડિયાતા વહાલા. ૫
બે ચરણના અંગુઠા ને, આંગળિયું ઉપર વહાલા;
જોયા જેવા ઝીણાં ઝીણાં, રોમ અતિ સુંદર વહાલા. ૬
બે અંગુઠા પાસેની બે, આંગળીએ જોઉં વહાલા;
ચાંખડીયુંનાં રૂડા ચિહ્ન, તે પાંપણીયે લોઉં વહાલા. ૭
બે પગની બહારની ઘુંટી, તે હેઠે કેવા વહાલા;
આસનના ઘસારાનાં ચિહ્ન, છે જો જોયાં જેવાં વહાલા. ૮

જમણા પગની ઘૂંટી ઉપર, પાંચ તસુ છે જો વહાલા;
નળીને ઉપર તીલ એક તેમાં, મન મારું રહેજો વહાલા. ૯
મોટું ચિહ્ન એક જમણા પગના, સાથળને બા'રે વહાલા;
પ્રેમાનંદ કહે પ્રીતે નીરખું, વારે ને વારે વહાલા. ૧૦

પદ-૩

શોભા નીરખી નેણાં મારાં, તૃપ્ત ન થાયે વહાલા;
મનડું મગન થયું છે હેડે, હરખ ન માયે વહાલા. ૧
ડાબા પગની ઘૂંટી ઉપર, પાંચ તસુ કહીએ વહાલા;
નળી ઉપર મોટો તિલ, મનમાં ધારી લઈએ વહાલા. ૨
તેને પાસે નાનો તિલ છે, તેમાં ચિત્ત ચોટ્યું વહાલા;
એ પગના ઘૂંટણની બા'રે, એક ચિહ્ન છે મોટું વહાલા. ૩
શ્યામકટિ રૂપાળી જોઈને, કંદર્પ લાજે વહાલા;
શીતળ ઉદરમાંહી ત્રિવળી, સુંદર વિરાજે વહાલા. ૪
ઊંડી ગોળ અનુપમ નાભી, તેની બે કોરે વહાલા;
બે તિલ છે બહુ રૂપાળા, તે ગમીયા મન મોરે વહાલા. ૫
નાભીથી પણ બે તસુ ઉપર, ત્રણ તિલને ધારું વહાલા;
બે તિલ ઉપર એક એક છે, એક વચ્ચે સંભારું વહાલા. ૬
વચલા તિલથી બે તસુ ઊંચો, એક તિલ નીરખીને વહાલા;
જમણી કુખમાં બે તિલ મોટા, જોઉં હરખીને વહાલા. ૭
ડાબે પડખે કુખથી ઉપર, મોટા તિલ ચારે વહાલા;
તેની પાસે બીજા નાના, ચાર તિલ એક હારે વહાલા. ૮
રોમતણું રૂપાળું શ્રીવત્સ, ચિહ્ન એક ઉરમાંહી વહાલા;
વિનગુણ હાર હૈયામાં શોભે, સુંદર સુખદાયી વહાલા. ૯

છાતી વચ્ચે એક ચિહ્ન, અર્ધચંદ્ર આકારે વહાલા;
પાંચ તસુ પહોળું જોઈ, પ્રેમાનંદ પ્રાણ વારે વહાલા. ૧૦

પદ-૪

એ ચિહ્ન વચ્ચે રૂડો લગાર, ડાબી તે કોરે વહાલા;
સુંદર એક તિલ મોટો, મારા ચિત્તને ચોરે વહાલા. ૧
એ તિલથી છે ડાબી કોરે, બે તસુ છેટે વહાલા;
એક તિલને જોતાં સર્વે, ભવદુઃખને મેટે વહાલા. ૨
બે તિલથી બે તસુ છેટે, ડાબી કોર માંહી વહાલા.
સ્તન ઉપર એક તિલ તેમાં, ચિત્ત ચોટ્યું જઈ વહાલા. ૩
બે સ્તનથી ઉપર છે, બે છાપતણાં ચિહ્ન વહાલા;
એ છબી જોવા સારું મારું, મન છે આધીન વહાલા. ૪
કરિના બે કર સરખી ભુજા, તે દીર્ઘ ઉદાર વહાલા;
સંભારતાં તરત તે, ઉતારે ભવપાર વહાલા. ૫
જમણી ભુજાને પાસે છે, માંહી ઉભી તે હારે વહાલા;
જોયા જેવા સુંદર મોટા, તિલ રૂડા ચારે વહાલા. ૬
જમણી ભુજાના મૂળથકી છે, ત્રણ તસુ હેઠે વહાલા;
એક છાપનું ચિહ્ન જોતાં, જન્મ મરણ મેટે વહાલા. ૭
તે છાપનું ચિહ્ન રૂડું, તેને પડખે બા'રે વહાલા;
નાના તિલ છે ચાર તેને, જોઉં વારે વારે વહાલા. ૮
કુણિયું છે શ્યામ બેઉ કર, કઠણ છે પોંચા વહાલા;
બે તિલ છે બહુ રૂડા, જમણા પોંચાથી ઊંચા વહાલા. ૯
જમણા હાથની છેલ્લી આંગળી, તે ઉપર સારો વહાલા;
પ્રેમાનંદ કહે મોટો તિલ એક,લાગે અતિ પ્યારો વહાલા. ૧૦

પદ-૫

રૂપાળા છો રાજીવલોચન, ધર્મતણા કુમાર વહાલા;
શોભાની છો સીમા મારા, નેણતણાં શણગાર વહાલા. ૧
ડાબી ભુજાના મુળથી હેઠે, ત્રણ તસુ છે જો વહાલા;
છાપતણા એક ચિહ્નમાંઈ,નિત્ય મન મારૂં રહેજો વહાલા. ૨
ડાબી કુણીથી હેઠો નૌતમ, ઉપરલે ભાગે વહાલા;
તિલ એક જોતાં મારા મનને, રૂડો બહુ લાગે વહાલા. ૩
ડાબા હાથના અંગુઠા પાસેની, આંગળિયે વહાલા;
નખને પાસે નાનો તિલ, મનમાં ધારી લીયે વહાલા. ૪
એ આંગળી ને વચલી આંગળી, એ બેઉને મધ્યે વહાલા;
એક તિલ છે અતિ નૌતમ, જોયા જેવો સંધે વહાલા. ૫
ડાબા હાથના પોંચા ઉપર, સુંદર તિલ છે એક વહાલા;
એ માંહી તે મનડું મારું, વળગ્યું વિશેક વહાલા. ૬
બે હાથના નખ નૌતમ છે, રાતા ચડિયાતા વહાલા;
અગ્ર ભાગે તિક્ષ્ણ છે, અતિ રૂડા દેખાતા વહાલા. ૭
બે હાથની હથેલી છે, રાતી સુખધામ વહાલા;
હથેલીમાં રેખા થોડી, થોડી છે જો શ્યામ વહાલા. ૮
બે હથેલીના મૂળ ઉપર, આઠ તસુ જોતાં વહાલા;
છાપતણાં બે ચિહ્નો અનુપમ, ચિત્તમાં પરોતાં વહાલા. ૯
કંઠ વચ્ચે તિલ એક અનુપમ, જોતાં દુઃખ જાયે વહાલા;
તેની પાસે નાનો તિલ એક, પ્રેમાનંદ ગાયે વહાલા. ૧૦

પદ-૬

રૂપ તમારું રસિયાજી, નીરખતાં સુખદાયી વહાલા;
ચિહ્નતણો નહિ પાર વધારે, વાલપ ઉરમાંહી વહાલા. ૧
ડાબા ખભાથી હેઠો વાંસામાં, છે મરમાળો વહાલા;
રોમ સહિત મોટો તિલ રૂડો, જોતાં તે રૂપાળો વહાલા. ૨
એ તિલથી હેંઠો વાંસામાં, એક તિલ છે બીજો વહાલા;
તેને હેઠે જોયા જેવો, એક તિલ છે ત્રીજો વહાલા. ૩
કરોડની જમણી કોરે, ડોક થકી હેઠે વહાલા;
સુંદર એક તિલ જોયા જેવો, બે તસુ છેટે વહાલા. ૪
જમણી ખરપડી ઉપર નૌતમ,એક તિલ છે નાનો વહાલા;
પ્રીત કરીને રાખું મારા, મનમાંહી છાનો વહાલા. ૫
કરોડની જમણી કોરે, વાંસામાં સારા વહાલા;
ચાર તિલ છે જોયા જેવો, લાગે બહુ પ્યારા વહાલા. ૬
દાઢીથી હેઠો એક તિલ છે, અતિશે અનૂપ વહાલા;
દાઢી ઉપર કેશની રેખા, સુંદર સુખરૂપ વહાલા. ૭
મધુર અધરપર શોભે રૂડી, રોમતણી રેખું વહાલા;
હસતું કમળ સરીખું મુખ, ઓરા આવો દેખું વહાલા. ૮
મુખમાંહે જમણી કોરની, હેઠલી જે દાઢ વહાલા;
તેમાં શ્યામ સુભગ ચિહ્ન એક, જોઉં રાખી ચાડ વહાલા. ૯
શ્યામ ચિહ્ન છે જોવા જેવું, જીભમાં સુખકારી વહાલા;
સુંદર વદન કમળપર જાયે, પ્રેમાનંદ વારી વહાલા. ૧૦

પદ-૭

હરિજનના જીવન છો મોહન, ભક્તચિંતામણી વહાલા;
શી કહું શોભા સુંદર વરજી, અંગોઅંગ તણી વહાલા. ૧
જમણી કોરે કપોળમાં, નાસિકા પાસે વહાલા;
એક મોટો તિલ જોતાં સર્વે, દુઃખ મારાં નાસે વહાલા. ૨
એ તિલને પાસે એક નાનો, તિલ તેને જોઈએ વહાલા;
નેત્રતણા ખુણાથી હેઠો, તેમાં ચિત્ત પ્રોઈએ વહાલા. ૩
બે નેત્રની પાંપણ ઉપર, ભ્રકુટીને થડે વહાલા;
તેને હેઠે ઉપર ઝીણી, કરચલિયું પડે વહાલા. ૪
નાસિકા ઉપર છે ઝીણા, ચિન્હ્ તે અભિરામ વહાલા;
ડાબા કાનમાં શ્યામ બિંદુ તે, છબી તણું ધામ વહાલા. ૫
અમળ કમળદળ સમ આંખડી, રૂડી રૂપાળી વહાલા;
કંદર્પની કમાન સરખી, ભ્રકુટી મેં ભાળી વહાલા. ૬
ચડિયાતા વિશાળ ભાલમાં, રસાળી તે શોભે વહાલા;
તિલક આકારે ઉભી રેખા બે, જોઈ ચિત્ત લોભે વહાલા. ૭
ભાલમાંહી મનોહર જોતાં, જમણી તે કોરે વહાલા;
કેશથી હેઠું એક અનુપમ, ચિહ્ન તે ચિત્ત ચોરે વહાલા. ૮
કેશર કેરી આડ મનોહર, ભાલ વચ્ચે કીધી વહાલા;
કુંકુમને ચાંદલીયે મારી, બુદ્ધિ હરી લીધી વહાલા. ૯
તાળવા ઉપર એક રૂપાળો, મોટો તિલ જોઈ વહાલા;
પ્રેમાનંદ કહે મારૂં મન ત્યાં, રહ્યું જોઈ મોહી વહાલા. ૧૦

પદ-૮

શોભાના શણગાર હરિ મારા, હૈયાના છો હાર વહાલા;
ધર્મતણા કુમાર મારા, પ્રાણ તણા આધાર વહાલા. ૧
અતિશે રૂપાળા સુંદર, શિખાના છે કેશ વહાલા;
છબીપર બલિહારી જાયે, શારદા ને શેષ વહાલા. ૨
શિખાને સમીપે રૂડો, એક તિલ છે આગે વહાલા;
એ છબી નીરખતાં મારાં, સર્વે દુઃખ ભાગે વહાલા. ૩
શિખાને પછવાડે જમણી, કોરે તે કહીએ વહાલા;
ત્રણ તિલ છે અતિ રૂડા, સામું જોઈને રહીએ વહાલા. ૪
નખશિખ નીરખી સુંદર સર્વે, ચિહ્ન મેં ગાયાં વહાલા;
ચિંતવન કરી નિત્યે મારા, ચિત્તમાં ઠેરાવ્યાં વહાલા. ૫
બાવન છે સરવે ચિહ્ન ત્રેસઠ તિલ છે જો વહાલા;
રૂપ શીલ ને ગુણે સોતા, અંતરમાં રહેજો વહાલા. ૬
એ વિના ઝીણા તિલ ચિહ્ન છે, અંગમાં અપાર વહાલા;
ગાયા મેં તો જોઈ મારી, બુદ્ધિને અનુસાર વહાલા. ૭
આવી રીતે મૂરતિને જે, અંતરમાં ધારે વહાલા;
પ્રીત કરીને ચિહ્ન અનુપમ, સર્વે સંભારે વહાલા. ૮
તેના ઉરમાં આવી તમે, નાથ કરો વાસ વહાલા;
કામ ક્રોધ ને કાળ માયા, તે સહુ પામે નાશ વહાલા. ૯
એ પદ જે કોઈ શીખે સુણે, પ્રીતે કરીને ગાશે વહાલા;
પ્રેમાનંદ કહે તે પર સ્વામી, બહુ રાજી થાશે વહાલા. ૧૦

રાગ-ગરબી પદ-૧

હરજી મારે હેડે રહેજો, સહજાનંદ છો રૂડા વહાલા;
સાચું નાણું શામળિયાનું, સર્વે વ્રતે પૂરા વહાલા. ૧
પુરૂષોત્તમજી પોતે પ્રગટ્યા, લીલાને વિસ્તારી વહાલા;
જ્ઞાનના પ્રકાશમાંથી બુદ્ધિ, કીધી સારી વહાલા. ૨
નારાયણ રણ છોડી નાખ્યું,મોટા છો મહારાજ વહાલા;
રાંકને રડવડતા રાખી, રીતે આપ્યું રાજ વહાલા. ૩
ચારે ખાણ્યું છોડી નાખી, સંકટમાંથી તાર્યા વહાલા;
વિષયપણું વહેતું મુકાવી, પતિવ્રતા ધર્મ પળાવ્યો વહાલા. ૪
સર્વે દુઃખને ટાળી નાખી, સહેજમાં સુખ આપ્યું વહાલા;
મન મારૂં કહ્યામાં નહોતું, સ્થિર કરીને સ્થાપ્યું વહાલા. ૫
ભલે પધાર્યા ભાર ઉતારણ, આવો લીધો અવતાર વહાલા;
પાપી ઉપર પ્રસન્ન થઈને, ટાળ્યો જમનો માર વહાલા. ૬
હરિએ જ્યારે કૃપા કીધી સંતોનો સંગ આપ્યો વહાલા;
સંતો સાથે શામળિયાને, અંતરમાં આનંદ વહાલા;
છેલ્લો ફેરો સુફળ ફળિયો, કે'છે માધવાનંદ વહાલા. ૭

રાગ : ગરબી પદ-૧

હવે મારા વા'લાને નહિ રે વિસારું રે;
શ્વાસ ઉચ્છવાસે તે નિત્ય સંભારું રે. ૧
પડયું મારે સહજાનંદજી શું પાનું રે;
હવે હું તો કેમ કરી રાખીશ છાનું રે. ૨

આવ્યું મારે હરિવર વરવાનું ટાણું રે;
એ વર નહિ મળે ખરચે નાણું રે. ૩
એ વર ભાગ્ય વિના નવ ભાવે રે;
એ સ્નેહ લગ્ન વિના નવ આવે રે. ૪
દુરિજન મન રે, માને તેમ કહેજો રે;
સ્વામી મારા રુદિયાની ભીતર રહેજો રે. ૫
હવે હું તો પૂરણ પદવીને પામી રે;
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી રે. ૬

પદ-૨

હવે મારા વહાલાનાં દર્શન સારું,
હરિજન આવે હજારે હજારું.....૧
ઢોલીએ બિરાજે સહજાનંદ સ્વામી,
પૂરણ પુરુષોત્તમ અંતરજામી.....૨
સભા મધ્યે બેઠા મુનિનાં વૃંદ;
તેમાં શોભે તારે વીટ્યો જેમ ચંદ્ર.....૩
દુરગપુર ખેલ રચ્યો અતિ ભારી,
ભેળા રમે સાધુ અને બ્રહ્મચારી.....૪
તાળી પાડે ઉપડતી અતિ સારી,
ધૂન્ય થાય ચૌદ લોક થકી ન્યારી.....૫
પાઘલડીમાં છોગલિયું અતિ શોભે,
જોઈ જોઈ હરિજનનાં મન લોભે.....૬

જોવા આવ્યા બ્રહ્માને સુરપતિરાય,
છાઈ રહ્યો આકાશે વિમાન.....૭
પધાર્યા વહાલો સર્વે તે સુખના રાશી,
સહજાનંદ અક્ષરધામના વાસી.....૮
ભાંગી મારી જન્મો જન્મની ખામી,
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી.....૯

રાગ : ગરબી

રે શ્યામ તમે સાચુ નાણું, બીજું સર્વે દુઃખદાયક જાણું;
રે શ્યામ. ટેક.
રે તમ વિના સુખ સંપત્ત કા'વે, તે તો સર્વે મહાદુઃખ ઉપજાવે;
અંતે એમાં કામ કોઈ નાવે....રે શ્યામ..૧
રે મૂરખ લોક મરે ભટકી, જૂઠા સંગે હારે શિર પટકી;
એથી મારી મનવૃત્તિ અટકી....રે શ્યામ..૨
છે અખંડ અલૌકિક સુખ સારૂં, તે જોઈ જોઈ મન મોહ્યું મારું;
ધરા ધન તમ ઉપર વારું....રે શ્યામ..૩
રે બ્રહ્માથી કીટ લગી જોયું, જૂઠું સુખ જાણીને વગોવ્યું;
મુક્તાનંદ મન તમ સંગ મોહ્યું....રે શ્યામ..૪

પદ-૧

માયાને મેલીને મરવું, પ્રભુ ભજી કામ નક્કી કરવું..માયા
સાચા હરિ સંતોની સેવા,અલૌકિક લાભ અતિ લેવા;
નીચના તો સંગ તજી દેવા..માયા
કળીમાં ભક્તિ કરે કુડી, ચલાવે પાપ તણી હુંડી;
મૂરખ તે તો ખોવા બેઠો મૂડી..માયા

વિવેકી વાત કરે સાચી, તજાવે પરધન પરનારી;
એ વાણીને લેવી ઉર ધારી..માયા
વિષય થકી મન પાછું વાળી,કામાદિક શત્રુ દેજો ત્યાગી;
બ્રહ્માનંદ કે ભ્રમણા ભાંગી..માયા

રાગ : ધોળ પદ-૧

અક્ષરના વાસી વ્હાલો આવ્યા અવની પર;
નવખંડ ધરતીમાં સ્વામી છતરાયા ચાલે. રાજ. ટેક૦
અવની પર આવી વ્હાલે સત્સંગ સ્થાપ્યો;
હરિજનને કોલ કલ્યાણનો આપ્યો રાજ. અક્ષર૦ ૧
પાંચે વર્તમાન પાળે બાઈઓ ને ભાઈઓ;
હરિજન સંગે કીધી સાચી સગાઈઓ રાજ. અક્ષર૦ ૨
બાઈઓ દેખીને ભાઈઓ છેટેરા ચાલે;
પડી વસ્તુ કોઈની હાથે નવ ઝાલે રાજ. અક્ષર૦ ૩
દેવના દેવ વહાલો ધામના ધામી;
પ્રગટ પ્રભુનું નામ સહજાનંદ સ્વામી રાજ. અક્ષર૦ ૪
પ્રેમાનંદનો વહાલો આનંદકારી;
પોતાના જનની વાલે લાજ વધારી રાજ. અક્ષર૦ ૫

પદ-૨

ધર્મને લાલે મુને હેતે બોલાવી;
એકાંતની વાત મરમે સમજાવી રાજ. ધર્મને૦ ૧
મૂળ માયાનાં બંધન કાપવા આવ્યા;
ધામ ધામના વાસી આહીં બોલાવ્યા રાજ. ધર્મને૦ ૨

મૂળ અક્ષર પણ શ્રી હરિ સંગે;
મુક્ત મંડળને વ્હાલો લાવ્યા ઉમંગે રાજ. ધર્મને૦ ૩
નવે ગ્રહમાં જેમ ભાનુ વિના તમ;
દૂર ન થાય કરે કોટિક કર્મ રાજ. ધર્મને૦ ૪
પ્રેમાનંદનો સ્વામી પ્રાણ સનેહી;
બદ્ધ જીવને વા'લે કર્યા વિદેહી રાજ.ધર્મને૦ ૫

પદ-૩

અધમ ઉદ્ધારણ એવું પોતાનું નામ;
સત્ય કર્યું છે આજ શ્રી ઘનશ્યામ રાજ. અધમ૦ ૧
જીવને શિવ કર્યા અવિદ્યા ટાળી;
પ્રૌઢ પ્રતાપ જણાવી હદ વાળી રાજ. અધમ૦ ૨
વિના સાધને સિદ્ધ દશા પમાડી;
સૌથી પોતાની રીત ન્યારી દેખાડી રાજ. અધમ૦ ૩
રવિ આગે શશી તારા ન ભાસે;
મતપંથ તેમ શ્રી હરિ પાસે રાજ. અધમ૦ ૪
પ્રેમાનંદનો સ્વામી પૂરણ પ્રતાપી;
પોતાના જનને સ્થિતિ અલૌકિક આપી રાજ. અધમ૦ ૫

પદ-૪

શીદને ભટકો છો તમે ચતુર સુજાણ;
પ્રગટ પ્રભુની આજ કરો ઓળખાણ રાજ. શીદને૦ ૧
આ ધામ ધામી ક્યારે નો'તા પધાર્યા;
ઈશ્વર કોટિ સ્તુતિ કરીને હાર્યા રાજ. શીદને૦ ૨

આ રે અવસર જે કોઈ સત્સંગમાં આવે;
તેની આગળ માયા કાંઈ ન ફાવે રાજ. શીદને૦ ૩
ગુણીને સંગે ક્યાંથી નિર્ગુણ થાય;
જ્યાંથી આવ્યા ત્યાં, પાછા સમાયા રાજ. શીદને૦ ૪
આવો અવસર હવે ફરી નહીં આવે;
પ્રેમાનંદ તાળી દઈને કા'વે રાજ. શીદને૦ ૫

પદ-૧

મારા હરજી શું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;
તેને સંગે શીદ રહીએ રે-ટેક...
હેત વિના હુંકારો ન દેવો, જેનું હરખે શું હેડું ન હીસે રે;
આગળ જઈને વાત વિસ્તારે,
જેની આંખ્યુંમાં પ્રેમ ન દીસે રે. - તેને. ૧.....
ભક્તિ ભાવનો ભેદ ન જાણે, ભૂરાયો થઈને ભાળે રે;
લલિત લીલાને રંગે ન રાચે,
પછી ઉલેચી અંધારૂં ટાળે રે. - તેને. ૨.....
નામ તણો વિશ્વાસ ન આવે, ઉંડું તે ઉંડું શોધે રે;
જાહ્નવી તીરે તરંગ તજીને,
પછી તટમાં જઈને કૂપ ખોદે રે. - તેને. ૩.....
પોતાના સરખી કરીને જાણે, પુરૂષોત્તમની કાયા રે;
નરસૈયાના સ્વામીની લીલા,
ઓલ્યા મતિયા કહે છે માયા રે. - તેને. ૪.....

પદ-૨

મારા વાલાજી શું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;
તે વિના કેને ભજીએ.... ટેક...
સન્મુખ જાતાં શંકા ન કીજે, મર ભાલા તણો મે'હ વરસે રે;
હંસ જઈ હરિજનને રે મળશે,
કાચી તે કાયા પડશે રે - તેનો. ૧.....
શૂળી ઉપર શયન કરાવે, તોયે સાધુને સંગે રહીએ રે;
દુરિજન લોક દુર્ભાષણ બોલે,
તેનું સુખદુઃખ સર્વે સહીએ રે - તેનો. ૨.....
અમૃતપે અતિ મીઠા મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવા,
જેનાં દર્શન કરવાને આવે રે - તેનો. ૩.....
નરક કુંડથી નરસું લાગે, દુરિજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માગે,
વ્હાલા વાસ દેજો હરિજનમાં રે - તેનો. ૪.....

રાગ : ધોળ - પદ-૧

મને તમારો નેડો લાગ્યો, સ્વામી સહજાનંદ રે;
સ્વામી સહજાનંદ રે, છોગાળા ઘનશ્યામ રે-મને....
અધમ ઉદ્ધારણ નામ તમારું, મહાત્મ્ય સૌથી મોટું રે;
હરતાં ફરતાં તમને સમરું, બીજું સર્વે ખોટું રે-મને....
કાશી જોયું, દ્વારિકા જોયું, જોયાં તીરથ ઝાઝાં રે;
એમ કરતાં સત્સંગમાં આવ્યો, મનડે મેલી માયા રે-મને.....

શરણાગતને શરણે લેજો, બિરુદ તમારું પાળી રે;
વિપત વખતે વહેલા આવો, શ્રીજી લ્યો સંભાળી રે-મને.....
ગઢપુર ગામની કુંજગલીમાં,નિતનિત દર્શન આપે રે;
મોર મુગટને કાને કુંડળ, મોરલી લીધી માથે રે-મને.....
દુરગપુરના દરવાજે કાંઈ અભયરાજ ઉભા રે;
દિવ્ય સ્વરૂપે દર્શન દઈને ચરણે પોતાને લીધા રે-મને.....
ભવસાગરમાં ભૂલો પડ્યો, ત્યારે સગા સંબંધી લૂંટે રે;
દાસ ગોપાળ કહે દયા કરો, તો ભવનાં બંધન છૂટે રે-મને.....

રાગ : માઢ - પદ-૧

પધારોને સહજાનંદજી હો, ગુન્હા કરીને માફ. ટેક૦
પ્રણામ છે ધર્મ તાતને, ભક્તિ માતાને પ્રણામ;
પ્રણામ છે જેષ્ઠ ભ્રાતને, ઈચ્છારામને પ્રણામ રે હો. ગુન્હા. ૧
પતિ મેલ્યા પિયુ તમ કારણે, મેલી કુળ મરજાદ;
માતાપિતા મેલ્યાં છે સ્વામી, એક તમારે કાજ રે હો. ગુન્હા. ૨
ગરૂડ તજીને પાળા પધાર્યા, ગજ સારું મહારાજ;
એવી રીતે તમે આવો દયાળુ, કરવા અમારાં કાજ રે હો. ગુન્હા. ૩
અમ જેવા પ્રભુ તમને ઘણા પણ, તમો અમારે એક;
પ્રેમ સખી વિનંતિ કરે છે, રાખો અમારી ટેક રે હો. ગુન્હા. ૪

રાગ : બિહાગ

પોઢે પ્રભુ સકળ મુનિ કે શ્યામ;
સ્વામિનારાયણ દિવ્ય મૂર્તિ (૨) સંતન કે વિશ્રામ - પોઢે.....૧

અક્ષર પર આનંદ ઘન પ્રભુ, કીયો હે ભૂપર ઠામ;
જેહી મિલત જન તરત માયા (૨) લહત અક્ષરધામ - પોઢે.....૨
શારદ શેષ મહેશ મહામુનિ, જપત જેહી ગુણનામ;
જાસ પદરજ શીશ ધરી ધરી (૨) હોવત જન નિષ્કામ - પોઢે.....૩
પ્રેમ કે પર્યંક પર પ્રભુ, કરત સુખ આરામ;
મુક્તાનંદ નિજ ચરન ઢિગ ગુન (૨) ગાવત આઠો જામ - પોઢે.....૪

રાગ : ગરબી

પોઢો પોઢો સહજાનંદ સ્વામી,
અખિયામાં નિંદરા ભરાણી રે-પોઢો ૦૧
હાંરે તમે માથેથી પાઘ ઉતારો રે,
પછી બનાતની ટોપી ધારો રે-પોઢો ૦૨
હાંરે તમે જરકસી જામો ઉતારો રે,
પછી હીરકોરી ધોતી ધારો રે-પોઢો ૦૩
હાંરે તમે કેડનો પટકો છોડો રે,
પછી શાલ દુશાલા ઓઢો રે-પોઢો ૦૪
હાંરે પોઢ્યા પ્રેમાનંદના સ્વામી રે,
સખી જોઈ જોઈ આનંદ પામી રે-પોઢો ૦૫

રાગ : ગરબી પદ-૧

અવિનાશી આવો રે, જમવા કૃષ્ણહરિ;
શ્રી ભક્તિ ધર્મસુત રે, જમાડુ પ્રીત કરી. ૧
શેરડીઓ વાળી રે, ફુલડાં વેર્યાં છે,
મણિયાગરે મંદિર રે, લીંપ્યાં લેર્યાં છે. ૨

ચાખડીઓ પે'રી રે, પધારો ચટકંતા;
મંદિરીયે મારે રે, પ્રભુજી લટકંતા. ૩
બાજોઠે બેસારી રે, ચરણકમળ ધોઉં;
પામરીએ પ્રભુજી રે, પાવલિયા લોઉં. ૪
ફુલેલ સુગંધી રે, ચોળું હું શરીરે;
હેતે નવરાવું રે, હરિ ઊને નીરે. ૫
પહેરાવું પ્રીતે રે, પિતાંબર ધોતી;
ઉપરણી ઓઢાડું રે, અતિ ઝીણી પોતી. ૬
કેસર ચંદનનું રે, ભાલે તિલક કરું;
વંદન કરી વિષ્ણુ રે, ચરણે શીશ ધરું. ૭
ઉર હાર ગુલાબી રે, ગજરા બાંધીને;
નીરખું નારાયણ રે, દૃષ્ટિ સાંધીને. ૮
શીતળ સુગંધી રે, કલશ ભર્યા જળના;
ઉલેચ બાંધ્યા છે રે, ઉપર મખમલના. ૯
કંચન બાજોઠે રે, બિરાજો બહુ નામી;
પકવાન પીરસી રે, થાળ લાવું સ્વામી. ૧૦
મોતૈયા લાડુ રે, સેવૈયા સારા;
તમ કાજ કર્યા છે રે, લાખણસાઈ પ્યારા. ૧૧
મગદળ ને સેવદળ રે, લાડુ દળના છે;
ખાજા ને ખુરમા રે, ચુરમા ગોળનાં છે. ૧૨
જલેબી ઘેબર રે, બરફી બહુ સારી;
પેંડા પતાસાં રે, સાટા સુખકારી. ૧૩

મરફી ને મેસુબ રે, જમો જગવંદનજી;
સુતરફેણી છે રે, ભક્તિનંદનજી. ૧૪
ગણગણ ને ગાંઠિયા રે, ગુંદવડાં વાલા;
ગુલાબપાક જમજો રે, ધર્મ તણા લાલા. ૧૫
એલાયચી દાણા રે, ચણા છે સાકરિયા,
ગુંદરપાક સુંદર રે, જમજો ઠાકરિયા. ૧૬
ટોપરાપાક ટાઢો રે, સકરપારા સારા;
સેવો ઘી સાકર રે, તમે છો જમનારા. ૧૭
કેસરીયો બીરંજ રે, ગળ્યો ને મોળો છે;
સાકરનો શીરો રે, હરિસો ધોળો છે. ૧૮
લાપસી કંસારમાં રે, ઘી બહુ રસબસ છે;
ખીર ખાંડ ઘી રોટલી રે, જમો બહુ સરસ છે. ૧૯
બદામ ચારોળી રે, દ્રાક્ષ તે નાખીને;
દૂધપાક કર્યો છે રે, જુઓ હરિ ચાખીને. ૨૦
પૂરી ને કચોરી રે, પૂરણ પોળી છે;
રોટલીઓ ઝીણી રે, ઘીમાં બોળી છે. ૨૧
પાપડ ને પૂડલા રે, મીઠા માલપૂડા;
માખણ ને મીસરી રે, માવો દહીંવડા. ૨૨
ઘઉંની છે બાટી રે, બાજરાની પોળી;
ઝાઝી વાર ઘીમાં રે, હરિ મેં ઝબકોળી. ૨૩
તલસાંકળી સુંદર રે, બીજી ગોળપાપડી;
ગાંઠિયા ને કળી રે, ત્રીજી ફુલવડી. ૨૪

ભજીયાં ને વડાં રે, સુંદર દહીંથરીયાં;
વઘાર્યા ચણાં રે, માંહી મીઠું મરિયાં. ૨૫
ગુંજા ને મઠિયા રે, ફાફડા ફરસા છે;
અળવી આદાના રે, ભજીયાં સરસાં છે. ૨૬
કંચન કટોરે રે, પાણી પીજોજી;
જે જે કાંઈ જોઈએ રે, તે માગી લેજોજી. ૨૭
રોટલી રસ સાકર રે, જમજો અલબેલા;
રાયણ ને રોટલી રે, ખાંડ કેળાં છેલા. ૨૮
મુરબ્બા કર્યા છે રે, કેરી દ્રાક્ષ તણા;
સુંદરવર જમજો રે, રાખશો મા મણા. ૨૯
કટોરા પૂર્યા રે, સુંદર શાકોનાં;
કેટલાક ગણાવું રે, છે ઝાઝાં વાનાં. ૩૦
સૂરણ તળ્યું છે રે, સુંદર ઘી ઝાઝે;
અળવી ને રતાળુ રે, તળ્યાં છે તમ કાજે. ૩૧
મેં પ્રીત કરીને રે, પરવળ તળિયાં છે;
વંતાક ને વાલોળ રે, ભેળાં ભળિયાં છે. ૩૨
કંકોડા કોળાં રે, કેળાં કારેલાં;
ગલકાં ને તુરિયાં રે, રૂડાં વઘારેલાં. ૩૩
ચોળી વાલોળ રે, પ્રીત કરી તળિયો;
દૂધિયાં ને ડોડા રે, ગુવારની ફળીઓ. ૩૪
લીલવાં વઘાર્યા રે, થયા છે બહુ સારા;
ભીંડાની ફળીઓ રે, તળીયો હરિ મારા. ૩૫

टांको तांदळीयो रे, मेथीनी भाजी;
मूळा मोगरीओ रे, सुवानी ताजी. ૩૬
चणेची ने डोडी रे, भाजी सारी छे;
कढी ने वडी रे सुंदर वघारी छे. ૩૭
नैयानां रायतां रे, अति अनुपम छे;
मीठुं ने राई रे, मांही बे सम छे. ૩૮
केटलांक गणावुं रे, पार तो नहि आवे;
सारुं सारुं जमजो रे, जे तमने भावे. ૩૯
खारुं ने मोळुं रे, हरिवर कहेजोजी;
मीठुं मरी चटणी रे, मागी लेजोजी. ૪૦
अथाणां जमजो रे, सुंदर स्वादु छे;
लींबु ने मरचां रे, आमळां आदु छे. ૪૧
रायती ने चीरी रे, केरी बोळ करी;
खारेक ने द्राक्षमां रे, नाख्यां लवींग मरी. ૪૨
केरां ने करमदां रे, तळी छे काचरीयो;
बीलां बहु सारां रे, वांस ने गरमरीयो. ૪૩
पंखाळीना भातमां रे, सुंदर सुगंध घणो;
એલાઈચીનો પીરસ્યો રે, આંબામોર તણો. ૪૪
में कठण करी छे, दाळ हरि तुवेरनी,
पातळी पीरसी रे, के दाळ मसुरनी. ૪૫
मग ने अडदनी रे, करी छे धोईने;
चोळा ने चणानी रे, घीमां करमोईने. ૪૬

દાળ ને ભાત જમજો રે, તમને ભાવે છે;
ચતુરાઈએ જમતાં રે, પ્રીતિ ઉપજાવે છે. ૪૭
દહીંને ભાત જમજો રે, સાકર નાખી છે;
દુધ ને ભાત સારુ રે, સાકર રાખી છે. ૪૮
દૂધની તર સાકર રે, ભાત જમો પહેલાં;
સાકર નાખીને રે, દૂધ પીઓ છેલા. ૪૯
જે જે કાંઈ જોઈએ રે, તે કે'જોજી અમને;
કાંઈ કસર કરો તો રે, મારા સમ તમને. ૫૦
જીવન જમીને રે, ચળુ કરો નાથ;
ચંદન ગારેસું રે, ધોવરાવું હું હાથ. ૫૧
તજ એલચી જાયફળ રે, જાવંતરી સારી;
કાથો ને ચુનો રે, સારી સોપારી. ૫૨
નાગરવેલીનાં રે, પાન લાવી પાકાં,
ધોઈને લુછયાં છે રે, અનુપમ છે આખાં. ૫૩
માંહી ચૂરણ મેલી રે, બીડી વાળી છે,
લલિત લવીંગની રે, ખીલી રસાળી છે. ૫૪
મુખમાં હું મેલું રે, બીડી પ્રીત કરી;
આરતી ઉતારું રે, પ્રભુજી ભાવ ભરી. ૫૫
ફૂલસેજ બિછાવું રે, પોઢો પ્રાણપતિ;
પાવલીયા ચાંપુ રે, હૈડે હરખ અતિ. ૫૬
થાળ ગાયો પ્રીતે રે, ધર્મકુલ મુગટમણિ;
આપો પ્રેમાનંદને રે, પ્રસાદી થાળ તણી. ૫૭

લીલા ચરિત્રના શ્લોકો

(૧) વંદુ શ્રીહરિકૃષ્ણ ધર્મસદને જૈ જન્મ જેણે ધર્યો,
કૃત્યાનો વળી કાળીદત્ત ખળનો જેણે પરાજય કર્યો;
કીધાં બાલચરિત્ર અદ્‌ભુત અતિ જૈને અયોધ્યા પ્રતિ,
માતાને પછી તાતને પણ દીધી દુર્લભ દિવ્ય ગતિ.

(૨) વંદુ શ્રીવર્ણીન્દ્ર વેશ ધરીને જે તીર્થમાં જૈ ફર્યા,
દૈવીને નિજ જ્ઞાન દાન દઈને દુષ્ટો વિનષ્ટો કર્યા;
હિમાદ્રિ, પુરુષોત્તમાખ્ય પુરી જઈ શ્રી સેતુબંધે ગયા,
કાંચીથી ગુજરાત પ્રાંત થઈને જે લોજમાં જઈ રહ્યા.

(૩) વંદુ જે હરિ લોજમાંહિ શીખવી અષ્ટાંગ યોગી કળા,
રામાનંદ પ્રતિ સુપત્ર લખિયો જૈ પીપલાણે મળ્યા;
દેખાડ્યો ગુરુને પ્રતાપ નિજનો ને ત્યાં જ દીક્ષા લીધી,
સ્વામીએ ધુર સંપ્રદાય તણી તો જઈ જેતપુરે દીધી.

(૪) વંદુ જે હરિએ પ્રતાપ નિજનો સૌરાષ્ટ્ર દેશે ઘણો,
દેખાડ્યો કરી મગ્નિરામ જનને આશ્રિત પોતા તણો;
ધામો શુદ્ધ સમાધિમાં સુજનને દેખાડિયાં દ્રષ્ટિએ,
લાખો વિપ્ર જમાડિયા જન સુખી કીધાં કૃપા દ્રષ્ટિએ.

(૫) વંદુ જે હરિ દુર્ગપત્તન રહી ત્યાં ભૂપના ધામમાં,
સ્થાપી ઉત્તમ વાસુદેવ પ્રતિમા રંગે રૂડા શ્યામમાં;
સૌરાષ્ટ્રાદિ વિશેષ દેશ ફરીને દુર્ગાખ્ય પુરે રહ્યા,
જેને આ જગમાંહી દુર્ગપુરના વાસી વિશેષે કહ્યા.

(૬) જેણે જેત્તલપતને મખ કર્યો લાચાર લોલંગરો,
કીધો યજ્ઞ ડભાણમાં વળી ભલો વૌઠે સમૈયો કર્યો;
જૈને ધર્મપુરે સ્વધર્મ ચલવ્યો વૃત્તાલયે આવીને,
કીધો ઉત્સવ શ્રેષ્ઠ તેહ હરિને વંદુ દિલે લાવીને.

(૭) જેણે સુંદર શ્રેષ્ઠ ધામ રચિયા આચારજો સ્થાપિયા,
શિક્ષાપત્રી રચી સ્વધર્મ સહુના જુદા કરી આપિયા;
કીધો સુરતમાં વિજય વળી કર્યો વિવાહ રાજા તણો,
વંદુ તે પ્રભુને અખંડ ઉરમાં ઉત્સાહ આણી ઘણો.

(૮) વૃતાલે કરી પુષ્પદોલ વિચર્યા ભાવાખ્ય પુરે' હરિ,
ચૈત્રેથી ગઢડે રહ્યા વૃતપુરે જૈ કાર્તિકી ત્યાં કરી;
મુંબૈના પતિને મળ્યા નૃપગઢે આચાર્ય હસ્તે વળી,
સ્થાપ્યા શ્રી રણછોડજી વૃતપુરે તેને નમું છું લળી.

(૯) આવ્યા અક્ષરમુક્ત ત્યાં સ્તવન તો કીધું હરિનું ઘણું,
ત્યારે ધામ વિષે સ્વયં વિચરવા લીધું ઉદાસીપણું;
દેહોત્સર્ગ કર્યો જણાય ન કર્યો પ્રત્યક્ષ દીઠા તદા,
લીલા અદ્‌ભુતકારી કૃષ્ણ હરિને વંદુ સદા સર્વદા

(૧૦) અવગુણ ઉર જીવના ન આણે,
હરિગુણ એહ મુનીશ્વરો વખાણે;
જન ગુણ લવ શ્રેષ્ઠમાની લેશે,
કરી કરૂણા અવિનાશી સુખ દેશે.

(૧૧) ફરી ફરી હરિ અન્ય ગામ ગામ,
ગઢપુરમાંહી વસે જ ધરી ધામ;
નહીં ગઢપુર તુલ્ય અન્ય કોઈ,
સુર મુનિ મુક્ત કરે વખાણ જોઈ.

(૧૨) કુશળકુંવરબાઈ કાજ નાથ,
ધર્મપુરે જઈને સુસંત સાથ;
અગણિત જનને કૃતાર્થ કીધા,
દરશન દાન લઈ ઉધ્ધારી લીધા.

(૧૩) નિજજનનો નિહાળી નેહ,
પરમ કૃપાળુ થયા પ્રસન્ન જેહ;
અમપર પણ નિત્ય એજ રીતે,
પરમ કૃપાળુ થજો પ્રસન્ન પ્રીતે.

કિર્તન : સહજાનંદ સહજાનંદ ગાય રે

સહજાનંદ સહજાનંદ ગાય રે, તે તો અક્ષરધામમાં જાય રે,
સહજાનંદ નામ જેને મુખે રે, તે તો બ્રહ્મપુર જાશે સુખે રે,
સહજાનંદ નામ સમરતાં રે, નથી પરિશ્રમ પાર ઉતરતાં રે,
સહજાનંદ નામ જે વદને રે, તે તો પહોંચ્યા બ્રહ્મસદને રે,
સહજાનંદ સહજાનંદ ગાતાં રે, નથી કઠણ એને ધામ જાતાં રે,
સહજાનંદ સહજાનંદ કહીએ રે, જાણે એથી પરમપદ લહીએ રે,
સહજાનંદ આનંદ સુખકારી રે, એહ નામ જપે છે નરનારી રે,
સહજાનંદ નામ સુણ્યું કાને રે, તેને આવ્યું છે ધામ પાને રે,
સહજાનંદ એ નામ સાંભળી રે, જાય પાપ પૂરવના બળી રે,

નાખી કોકમ આંબલી કઢી, કરી વાલે બનાવ્યા વડા,
તીખી દાળ તુવેરની તમતમા, શાકો વઘાર્યા ઘણા;
ધોળા સેતર લાડવા માંહી, ઘૃતભર્યા સાકર નાખી ઘણી,
એવા ભોજન નિત્ય નિત્ય જમજો, સંતો તથા શ્રીહરિ.

- આકર્ષિત ચિત્ત ચાર, પુરવ ઉત્તર દ્વાર,
  દાદાખાચર દરબાર, નીંબવૃક્ષ નીરખો,
  હરદમ સંતો હજાર, જમતા ત્યાં જમણવાર,
  પોતે પ્રભુ પીરસનાર, પુરુષોત્તમ પરખો;
  સંતો શિર કરી પ્યાર, રેડત ઘૃત દધિ પાર,
  અદ્‌ભુત લીલા અપાર, એહ સ્થાન ધારો;
  જય જય જદુનાથ હાથ, મુરલી ધરિ મુગટ માથ,
  ગઢપુરપતિ ગોપીનાથ આશરો તિહારો.

- કળિયુગમાં કલ્પવૃક્ષ, નીરખો આ નીંબવૃક્ષ,
  પુરુષોત્તમજી પ્રત્યક્ષ, સંત સભા ભરતા,
  દેતા બ્રહ્મજ્ઞાન દાન, પ્રેમીજન કરત પાન,
  વચનામૃતથી મહાન, પ્રશ્ન-ઉત્તર કરતા;
  મુનિજન સહુ ધરે ધ્યાન, ગુણિજન સહુ કરે ગાન,
  ઉત્તમનું સ્થાન જાન, અક્ષર નિરધારો;
  જય જય જદુનાથ હાથ, મુરલી ધરિ મુગટ માથ,
  ગઢપુરપતિ ગોપીનાથ આશરો તિહારો.

- સુંદર વૈતાક શાક પુરુષોત્તમ કરત પાક,
  હોવત વસુદેવ હાંક પંક્તિ કરી પીરસે,
  વાડી લક્ષ્મીસ્વરૂપ કોટિક બ્રહ્માંડ ભુપ,
  કાયમ આલય સ્વરૂપ દેહોત્સર્ગ દરસે,
  ઈચ્છારામ અનુજ વીર રાજત રઘુવીર ધીર,
  રાજત શ્રીજી મંદિર પૂર્વદિશા પ્યારો.
  જય જય જદુનાથ હાથ મોરલી ધરી મુગટ માથ,
  ગઢપુરપતિ ગોપીનાથ આશરો તિહારો.

- ખંભે જરિયાની ખેસ બંસીધર ગોપવેશ,
  વિલસતરાધા વ્રજેશ નંદ કો દુલારો,
  હીરા નંગ જડીતહાર ગજરા તોરા અપાર,
  જરિયાની વસ્ત્રધાર પૂરણચંદ્ર પ્યારો,
  કાને કુંડળ જડિત ભાલે તિલક ભળીત,
  મુર્તિ મનહર લલિત સ્નેહથી સંભારો,
  જય જય જદુનાથ હાથ મોરલી ધરી મુગટ માથ,
  ગઢપુરપતિ ગોપીનાથ આશરો તિહારો.

- દેષ્ટાઃ સ્પૃષ્ટા નતા વા કૃતપરિચરણા ભોજિતાઃ પૂજિતા વા
  સદ્યઃ પુંસામઘૌઘં બહુજનિજનિતં ઘ્નન્તિ યે વૈ સમૂલં
  પ્રોક્તાઃ કૃષ્ણેન યે વા નિજહૃદયસમા યત્પદે તીર્થજાતં
  તેષાં માતઃ ! પ્રસંગાત્ કિમિહ નનુ સતાં દુર્લભં સ્યાન્મુમુક્ષોઃ

ફગવા

મહા બળવંત માયા તમારી, જેણે આવરિયાં નરનારી ॥
એવું વરદાન દીજીયે આપે, એહ માયા અમને ન વ્યાપે ॥૨૨॥
વળી તમારે વિષે જીવન, નાવે મનુષ્યબુદ્ધિ કોઈ દન ॥
જેજે લીલા કરો તમે લાલ, તેને સમજુ અલૌકિક ખ્યાલ ॥૨૩॥
સત્સંગી જે તમારા કહાવે, તેનો કેદિ અભાવ ન આવે ॥
દેશ કાળ ને ક્રિયાએ કરિ, કેદી તમને ન ભુલિયે હરિ ॥૨૪॥
કામ ક્રોધ ને લોભ કુમતિ, મોહ વ્યાપીને ન ફરે મતિ ॥
તમને ભજતાં આડું જે પડે, માગીયે એ અમને ન નડે ॥૨૫॥
એટલું માગીએ છૈયે અમે, દેજ્યો દયા કરી હરિ તમે ॥
વળી ન માગીએ અમે જેહ, તમે સુણી લેજ્યો હરિ તેહ ॥૨૬॥
કેદી દેશોમા દેહાભિમાન, જેણે કરી વિસરો ભગવાન ॥
કેદી કુસંગનો સંગ મ દેજ્યો, અધર્મ થકી ઉગારી લેજ્યો ॥૨૭॥
કેદી દેશોમા સંસારિ સુખ, દેશોમા પ્રભુ વાસ વિમુખ ॥
દેશોમા પ્રભુ જક્ત મોટાઈ, મદ મત્સર ઈર્ષા કાંઈ ॥૨૮॥
દેશોમા દેહસુખ સંયોગ, દેશોમા હરિજનનો વિયોગ ॥
દેશોમા હરિજનનો અભાવ, દેશોમા અહંકારી સ્વભાવ ॥૨૯॥
દેશોમા સંગ નાસ્તિકનો રાય, મેલી તમને જે કર્મને ગાય ॥
એ આદિ નથી માગતાં અમે, દેશોમા દયા કરીને તમે ॥૩૦॥
પછી બોલિયા શ્યામ સુંદર, જાઓ આપ્યો તમને એ વર ॥
મારી માયામાં નહિ મુંઝાઓ, દેહાદિકમાં નહિ બંધાઓ ॥૩૧॥

મારી ક્રિયામાં નહિ આવે દોષ, મને સમજશો સદા અદોષ ॥
એમ કહ્યું થઈ રળિયાત, સૌએ સત્ય કરી માની વાત ॥૩૨॥
દીધાં દાસને ફગવાં એવાં, બીજું કોણ સમર્થ એવું દેવા ॥
એમ રમ્યા રંગભર હોળી, હરિ સાથે હરિજન ટોળી ॥૩૩॥

સ્વામિનારાયણ મંત્ર મહિમા

જે સ્વામિનારાયણ નામ લેશે, તેનાં બધાં પાતક બાળી દેશે;
છે નામ મારા શ્રુતિમાં અનેક, સર્વોપરી આજ ગણાય એક...૧
જો સ્વામિનારાયણ એક વાર, રટે બીજાં નામ રટ્યાં હજાર;
જપ્યા થકી જે ફળ થાય એનું, કરી શકે વર્ણન કોણ તેનું...૨
ષડ્‌ક્ષરી મંત્ર મહા સમર્થ, જેથી થશે સિધ્ધ સમસ્ત અર્થ;
સુખી કરે સંકટ સર્વ કાપે, અંતે વળી અક્ષરધામ આપે...૩
ગાયત્રીથી લક્ષ ગણો વિશેષ, જાણેજ જેનો મહિમા મહેશ;
જ્યાં જ્યાં મહામુક્ત જનો વસાય, આ કાળમાં તો જપ એ જ થાય...૪
જો અંત કાળે શ્રવણે સુણાય, પાપી તણો તે પણ મોક્ષ થાય;
તે મંત્રથી ભૂત પિશાચ ભાગે, તે મંત્રથી તો સદ્‌બુદ્ધિ જાગે...૫
તે મંત્ર જેના મુખથી જપાય, તેના થકી તો જમ નાસી જાય;
શ્રી સ્વામિનારાયણ જે કહેશે, ભાવે કુભાવે પણ મુક્તિ લેશે...૬
ષડ્‌ક્ષરો છે ષટ્‌શાસ્ત્ર સાર, તે તો ઉતારે ભવસિંધુ પાર;
છયે ઋતુમાં દિવસે નિશાયે, સર્વે ક્રિયામાં સમરો સદાયે...૭
પવિત્ર દેહે અપવિત્ર દેહે, તે નામ નિત્યે સમરવું સનેહે;
જળે કરીને તન મેલ જાય, આ નામથી અંતર શુધ્ધ થાય...૮

જેણે મહાપાપ કર્યા અનંત, જેણે પીડ્યા બ્રાહ્મણ ધેનુ સંત;
તે સ્વામિનારાયણ નામ લેતાં, લાજી મરે છે મુખથી કહેતાં...૯
શ્રી સ્વામિનારાયણ નામ સાર, છે પાપને તે પ્રજળાવનાર;
પાપી ઘણું અંતર હોય જેનું, બળ્યા વિના કેમ રહે જ તેનું..૧૦

અંતકાળે પ્રભુનું ચિંતવન અતિ આવશ્યક છે. એ માટે અગાઉથી "પાણી પહેલાં પાળ બાંધવી" જરૂરી છે. વળી "હરિબળગીતા"ના ત્રણ કડવાં જેને અંતકાળ નજીક આવ્યો હોય તેને સંભળાવવામાં આવે તો તેને ભગવાનનું બળ વધે.

હરિબળગીતા (કડવું-૩૮)

કેનેક બળ અન્ન ધન રાજ્યતણુંજી, કેનેક બળ વળી વિદ્યાનું ઘણુંજી;
કેનેક બળ દેહ દેખી આપણુંજી, એહ માંહેલું બળ નથી મારે અણુજી. ૧

(ટાળ)

અણુ નથી એહ માંહેલું, બળ બીજાનું વળી માહરે;
સમર્થ સહજાનંદજી, હુંતો શરણ છઉં તાહરે. ૨
આકરી વેળામાં આવજો, પ્રભુજી તમે મારી પાસ;
ખરી વેળામાં ન ખસવું, હરિ જાણી પોતાનો દાસ. ૩
વસમી વેળાયે વાલમા, વળી વળી કરજો વા'રને;
સંકટમાં શ્રીહરિ સ્વામી, શ્યામળા કરજો સારને. ૪
અંતવેળા છે વસમી, એમ વદે છે વેદ પુરાણ;
તેહ સમે તમે તરત આવી, સાર લેજો શ્યામ સુજાણ. ૫
ઉઠે દેવતા અંગના, એકદંડો ચાલે વળી શ્વાસ;
તેહ સમે તમે સંભાળજો, મારા અલબેલા અવિનાશ. ૬

માગું છું એહ મહાપ્રભુ, દુઃખ ફોજ કરજો દૂર;
વ્યાધિમાં વ્યાકુળ વેળા, શ્રીહરિ રે'જો હજૂર. ૭
છેલ્લી ભલામણ એજ છે, કરજો વસમી વેળાયે વા'ર;
વારમવાર વિનંતિ કરી, કહે નિષ્કુળાનંદ નિરધાર. ૮

હરિબળગીતા (કડવું-૩૯)

કઠળ વેળા અતિ અંતની કે'વાયજી, મહાશૂરવીરે પણ ન સે'વાયજી;
એહ દુઃખને ઉપમા ન દેવાયજી, તે સમે ધીરજ કેણેક ગ્રહેવાયજી. ૧

(ઢાળ)

ગ્રહેવાય નહિ ઘણા દુઃખમાં, ધીરજ મોટા ધીરથી;
રોમરોમે વિંછી વેદના પ્રગટે, જ્યારે ચાલવું થાય શરીરથી. ૨
તેહ સમામાં કોણ કેનું, જ્યારે પરવશ પ્રાણી પડે;
સ્વાર્થ લઈ સહુ સહુનો, સગાં સંબંધી સર્વે રડે. ૩
તેહ સમે શ્રીહરિ સ્વામી, વા'લા મ કરજો વેલ;
આધાર મારા આવજો, ઉતાવળા અલબેલ. ૪
મોટેમોટે એહ માંગીયું, કરજો વસમી વેળાયે વા'ર;
તેહ સુણીને શ્યામળા, પ્રભુ કરું છું પોકાર. ૫
ઘણા હેતુ છો ઘનશ્યામજી, સુખદ સાચા સનેહ;
તમ વિના ત્રિલોકમાં, નથી સા'ય કરવા એહ. ૬
એહ સમો જો સુધર્યો, તો સુધર્યું સર્વે ઘણું;
એહ સમો જો બગડ્યો, તો શું ઉપજ્યું શુભ ગુણતણું. ૭
તેહ માટે તમ પાસળે, માગું છું હું મહારાજ;
નિષ્કુળાનંદ કહે નાથજી, એહ સમે રાખજો લાજ. ૮

હરિબળગીતા (કડવું-૪૦)

લાજ મારી છે હરિ તમારે હાથજી, મુજ અનાથના તમે છો નાથજી;
સંકટમાંહિ સ્વામી રે'જો સાથજી, એટલી સુણજો ગરીબની ગાથજી. ૧

(ઢાળ)

ગાથ સુણી ગરીબની, ગુણનિધિ ગ્રે'જો બાંય;
મ જોશો અવગુણ માહેરા, શ્રીહરિ કરજો સા'ય. ૨
અધમ ઉધ્ધારણ પતિતપાવન, દીનબંધુ છો દયાળ;
જોઈ બિરૂદ સામું શ્યામળા, સુખદાયી લેજો સંભાળ. ૩
ઘણા ગુન્હા ઘનશ્યામજી, તમે બક્ષ્યા આગે આશ્રિતના;
તેમ ગુન્હા ગોવિંદ મારા, બક્ષજો બહુ રીતના. ૪
તમારાને તમ વિના, નથી અન્ય કોઈ આધાર;
તે જાણો છો જગદીશ તમે, શું કહું હું વારમવાર. ૫
જેના જે આશ્રિત છે, પ્રભુ તેની છે તેને લાજ;
તેહ વિના ત્રિલોકમાં, એનું કોણ હેતુ મહારાજ. ૬
તેહ સારૂ હરિ તમને, વળી વળી વિનંતી કરૂં;
અવર બીજા ઉપાયથી, નથી આવતું દુઃખનું સરૂં. ૭
જે કે'વાનું હતું તે મેં કહ્યું, હરિકૃષ્ણ જોડી જુગ હાથ;
દીનબંધુ દીલ ધારજો, નિષ્કુળાનંદના નાથ. ૮



અરજીવિનય

(દોહા)

સુણો પોકાર શ્યામળા, અમતણી અરદાસ;
ભવદુઃખભંજન ભેટતાં, દુઃખી રહે કેમ દાસ. ૧
તમે સદન છો સુખનું, મદનમૂર્તિ મહારાજ;
કષ્ટ સબ કઠન કરો, વદન દેખાડી વ્રજરાજ. ૨
મનોહર શુકર મૂરતિ, નખશિખા જોવા નાથ;
મન ઈચ્છે છે માહેરું, શ્યામ મળવા તમ સાથ. ૩
સુંદર શોભા શ્યામળા, અજબ છબી અનુપ;
રે'જો હૃદિયા ભીતરે, રાજ તમારુ રૂપ. ૪
સંભારતા સંકટ ટળે, ચિંતવતાં ચિત્ત લોભાય;
નયણે નિરખું નાથજી, ત્યારે તપ સમાય. ૫
ભાગે ભવદુઃખ ભેટતાં, મીટે દિલની દાઝ;
શાંતિ વળે શરીરમાં, મુખ જોતાં મહારાજ. ૬
મૂર્તિ તમારી માવજી, સુંદર સુખ ભંડાર;
વણ દીઠે વ્યાધિ વધે, અંતર જળે આધાર. ૭
જ્યારે જોઉં જગપતિ, નિહાળી નિહાળી નાથ;
અંગોઅંગ અવલોકતાં, શ્યામ થાઉં સનાથ. ૮

